કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, June 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ

## શૈક્ષણિક વિશેષાંક - ૨૦૨૬


મહીન પંચાસરા (રાજકોટ)


મહેક પંચાસરા (રાજકોટ)


હર્ષીલ ખંભાયતા (રાજકોટ)


અવની સોંડાગર (રાજકોટ)


નેહલ પંચાસરા (રાજકોટ)


ભાર્ગવ વડગામા (રાજકોટ)


ઇશા ગંગાજળીયા (રાજકોટ)


હેત્વી સોલંકી (રાજકોટ)


નવ્યા બોરાણીયા (રાજકોટ)


મિત મેવાડા (ઉંઝા)


દિપ્તી પેશાવરીયા (ગોંડલ)


ધ્રુવી વઘાડીયા (રાજકોટ)


ધવલ માંડવીયા (રાજકોટ)


હેત્વી નગેવાડીયા (રાજકોટ)


હર્ષ જોલાપરા (ખંભાળીયા)


નંદીની ભારદીયા (રાજકોટ)


ઉજાલી સુથાર (થરાદ)


હર્ષ મિસ્ત્રી (સુરત)

## આ છે આપણો ભાવિ ઉચ્ચ શિક્ષિત સમાજ



ગજજર સખી વૃંદ દ્વારા યોજાયો
શૌર્ય સપુતોનો સન્માન સમારંભ




ગજજર સ્પોર્ટ્સ કલબ આયોજીત ટુર્નામેન્ટમાં
વિશ્વકર્મા ઇલેવન ચેમ્પિયન

# શૌર્ય સપુતોનો સન્માન સમારંભની તસવીરી ઝલક





























(તસવીરો : પ્રવીણ ગજજર)

અહેવાલ પેઈજ નં. ૨૯ ઉપર

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.05
Date : 10-06-2026

Page : 44
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# ગજ્જર શૌર્ય સપુત સન્માન : ઐતિહાસિક કાર્યક્રમ



રાજકોટમાં છેલ્લા ૨૨ વર્ષથી બહેનોના ઉત્કર્ષ માટે કામ કરતી ગજ્જર સખી વૃંદે ગજ્જર સમાજના શૌર્ય સપુતોનું અદકેરૂ સન્માન કરી સમાજના યુવાનોમાં રાષ્ટ્રભાવના જાગૃત કરવાનું યાદગાર અને ઐતિહાસિક કાર્ય કર્યું છે. ગજ્જર શૌર્ય સપુતોના સન્માન સમારંભમાં મુખ્ય મહેમાન આરએસએસના પશ્ચિમ ક્ષેત્ર સંઘ ચાલક ડો. જયંતિભાઈ ભાડેશીયાએ તો કહ્યું, દેશમાં અનેક સમાજ સંસ્થાઓ આવેલી છે. પરંતુ દેશભક્તિ પ્રેરણાસભર શૌર્ય સપુતોનું સન્માન કરવાનો વિચાર બહેનોને આવ્યો જે અભિનંદનીય છે. આ કાર્યક્રમથી સમાજના યુવાનોને રાષ્ટ્રીય સેનામાં જોડાવાની પ્રેરણા મળશે અને સાથ સમાજમાં પણ રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બનશે.

ગજ્જર સખી વૃંદ કંઈક નવા જ કાર્યક્રમો સમાજને આપવા માટે સતત તત્પર હોય છે. અને કંઈક અલગ પ્રકારના કાર્યક્રમો આપી આપતી રહી છે. તેમાં પણ ગજ્જર સમાજના શૌર્ય સપુતોના સન્માન કાર્યક્રમના માધ્યમથી સમાજને પણ સમાજમાં કેવા કેવા સૈન્ય સપુતો પડયા છે તેની જાણ કરાવી અને અનોખો રાષ્ટ્રપ્રેમ નિર્માણ કર્યો

આવો રાષ્ટ્રપ્રેમ અને સૈનિકો જાનના જોખમે કેવી દેશ સેવા કરી છે કે કરી રહયા છે તેની સમાજને ઝાંખી કરાવવા બદલ સંસ્થાના સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન જાદવાણી, પ્રમુખ વર્ષાબેન રાણપરીયા અને તેની ટીમ અભિનંદનને પાત્ર છે.

આ કાર્યક્રમથી યુવાનોને લશ્કરમાં જોડવાની પ્રેરણા મળશે તેવી શ્રદ્ધા છે.

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઈનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - તંત્રી

# સુચી વડગામા બી.ટેક થયા : આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સમાં આગળ વધશે





સુચી અનિલભાઈ વડગામાએ CHARUSAT University માંથી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગમાં બી.ટેક સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. છેલ્લા સેમેસ્ટરમાં ૧૦ માંથી ૧૦ સીજીપીએ મેળવી તેમણે પોતાની મહેનત, નિયમિત અભ્યાસ અને એકાગ્ર તૈયારીનો ઉત્તમ પરિચય આપ્યો છે.

સુચીનો મુખ્ય રસ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં આગળ વધવાનો છે. હાલમાં તેઓ એમ.ટેક માટે પ્રવેશ પ્રક્રિયામાં છે અને ગેટ પરીક્ષામાં સારો સ્કોર મેળવ્યો હોવાથી જાણીતી આઈઆઈટી અથવા એનઆઈટીમાં પ્રવેશ મળવાની પૂરી શક્યતા છે. તેઓ માને છે કે કોમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્ષેત્રમાં સફળતા માટે રોજનું વાંચન, નવી બાબતો શીખવાની તૈયારી, કૌશલ્ય વિકાસ અને સતત મહેનત ખૂબ જ જરૂરી છે.

અભ્યાસ ઉપરાંત વાંચન, સંગીત અને પ્રવાસ તેમના મનગમતા શોખ છે. પુસ્તકો દ્વારા નવી વિચારસરણી મેળવવી, સંગીતમાં મનને શાંતિ આપતી પળો માણવી અને નવી જગ્યાઓ વિશે જાણવું તેમને ખૂબ ગમે છે.

સુચી કહે છે કે ગેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઓછામાં ઓછા બે થી અઢી વર્ષનું આયોજનબદ્ધ તૈયારી જરૂરી છે. કોલેજના બીજા વર્ષથી જ નિયમિત તૈયારી શરૂ કરવી જોઈએ જેથી વિષય પર મજબૂત પકડ બને. તેમના પિતા અનિલભાઈ વડગામા એક જાણીતા આર્કિટેકટ છે જ્યારે માતા રૂપલબેન વડગામા પેરેન્ટિંગ કોચ તરીકે કાર્યરત છે. તેમનો નાનો ભાઈ ભાર્ગવે ધોરણ ૧૦માં ૯૯.૨૦ પી.આર. મેળવી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

સુચી પોતાની સફળતાનું શ્રેય માતા-પિતાના સહકાર, પરિવારના સંસ્કાર, વડીલોના આશીર્વાદ અને સતત આત્મશિસ્તને આપે છે.

# ભાર્ગવ વડગામાને SSCમાં ૯૯.૨ PR : કમ્પ્યુટર ઇજનેર બનશે



ભાર્ગવ અનિલભાઈ વડગામાએ ધોરણ ૧૦ની પરીક્ષામાં ૯૯.૨૦ પર્સેન્ટાઇલ મેળવી નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. વી.જે. મોદી સ્કૂલના વિદ્યાર્થી ભાર્ગવે વિજ્ઞાન અને સંસ્કૃત બંને વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી પોતાની મહેનત અને નિયમિતતાનો ઉત્તમ પરિચય આપ્યો છે. હાલમાં તેણે ૧૧મા ધોરણમાં વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ અ માં પ્રવેશ મેળવ્યો છે અને ભવિષ્યમાં આઈઆઈટીમાં અભ્યાસ કરીને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

ભાર્ગવ આ સફળતાનો શ્રેય માતા-પિતાના સતત સહયોગ અને વડીલોના આશીર્વાદને આપે છે. તેમના પિતા અનિલભાઈ વડગામા જાણીતા આર્કિટેકટ છે, જ્યારે માતા રૂપલબેન પેરેન્ટિંગ કોચ અને કારકિર્દી માર્ગદર્શક તરીકે કાર્યરત છે. મોટી બહેન સુચિએ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગમાં બી.ટેક પૂર્ણ કરીને ગેટ પરીક્ષામાં સારો સ્કોર મેળવ્યો છે અને હવે એમ.ટેકમાં પ્રવેશ મેળવવા ઇચ્છે છે.

ભાર્ગવ મુજબ, દરરોજનું પુનરાવર્તન અને નિયમિત અભ્યાસ જ સફળતાની સાચી ચાવી છે.

# પંચાસરા પરિવારની ટવીન્સ દીકરીયુ SSCમાં ઉચ્ચ ગુણ







અટીકા વિસ્તારમાં કાયનેટીક એન્જિનિયરીંગના નામથી મશીનરી બનાવતા અંકુરભાઇ પંચાસરા અને અર્ચનાબેનની ટવીન્સ પુત્રી મહીન અને મહેક બંનેએ તપસ્વી સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા છે. મહીનને ૯૯.૮૮ અને મહેકએ ૯૮.૬૧ પીઆર મેળવ્યા છે. બંને બહેનોએ કોમર્સ લાઇન લઇ તપસ્વીમાં જ પ્રવેશ મેળવ્યો છે.

ટવીન્સ બહેનોના માતા પિતા પણ ઉચ્ચ શિક્ષિત છે. અંકુરભાઇએ બીઇ મીકેનીકલ કર્યું છે અને અર્ચનાબેને બીએસ.સી. બીએનએલટીમાં ગ્રેજયુએશન કર્યું છે. પંચાસરા પરિવારનું આ ઉચ્ચ શિક્ષિત દંપત્તિ બંને દીકરીયુને ઉચ્ચ શિક્ષિત કરવા કૃનિશ્ચિય છે.



# રાજકોટમાં હર્ષીલ ખંભાયતાને SSCમાં ૯૯.૪૩ PR : CA બનશે



મુળ જુનાગઢ પાસેના મોટી ખોડીયાર ગામના પણ છેલ્લા ૧૩ વર્ષથી રાજકોટમાં રહીને ફર્નીચરના વ્યવસાય સાથે જોડાયેલા કિશોરભાઇ ખંભાયતા અને કિરણબેન ખંભાયતાના પુત્ર હર્ષીલ રાજકોટની સર્વોદય સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૯.૪૩ પીઆર મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

હર્ષીલનું લક્ષ્ય ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાનું છે. કોમર્સ કરવા હર્ષીલે સર્વોદય સ્કુલમાં એડમીશન મેળવી લીધું છે. ૧૧ અને એચએસસીમાં ઉચ્ચ ગુણ મેળવી અને સીએ બનવા માટે હર્ષીલ પ્રયત્નશીલ છે. હર્ષીલ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે કિશોરભાઇ ખંભાયતા તેમજ તેમના ભાઇ લલીત ખંભાયતા (પત્રકાર-લેખક-દિવ્યભાસ્કર) પણ પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા રહયા છે.

હર્ષીલ તેનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી શુભેચ્છા.

# રાજકોટની અવની સોંડાગરને SSCમાં ૯૯.૪૩ PR : શિક્ષિકા બનવું છે






રાજકોટ સ્થિત જયેશભાઇ સોંડાગર અને સીમાબેનની પુત્રી અવનીએ યુનિવર્સલ સ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૯.૪૩ પીઆર મેળવ્યા છે. અવનીની ઇચ્છા શિક્ષિકા બનવાની છે અને એસએસસી ભણી ત્યાં જ ધો. ૧૧ કોમર્સમાં પ્રવેશ મેળવી લીધો છે.

સુથારી કામ સાથે સંકળાયેલા જયેશભાઇ બીએ ગ્રેજયુએટ છે. તેમની બીની પુત્રી ધારા પણ એમ.એ. કરવાની સાથે શિક્ષિકાની ફરજ બજાવી રહી છે.

# સાણંદના નેહલ પંચાસરાનું આઇપીએસ ઓફીસર બનવાનું લક્ષ્ય





સાણંદમાં વિશ્વકર્મા ફર્નીચર એન્ડ હાર્ડવેરના નામથી વ્યવસાય કરતા ધવલભાઇ પંચાસરા અને મિતલબેનના પુત્ર નેહલે એસએસસીમાં ૯૯.૪૧ પીઆર મેળવીને સમાજમાં ગૌરવ વધાર્યું છે. ધવલનું લક્ષ્ય આઇપીએસ બનવાનું છે અને આ માટે ધો. ૧૧માં કોમર્સ લઇને આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ધવલભાઇના દાદા ચંદુભાઇ પંચાસરા અમદાવાદ મહાનગરપાલિકામાં આસી. એન્જિનિયર તરીકે ફરજ બજાવી નિવૃત્તિ ભોગવી રહયા છે. ધવલ એચએસસીમાં ઉચ્ચ ગુણ મેળવી આઇપીએસ બને તેવી શુભકામના.

# ઇશા તેમના દાદા ઓધવજીભાઇના પગલે ચાલીને ડોક્ટર બનશે






રાજકોટમાં હનુમાન મઢી ચોક પાસે મહેર નામથી મેડીકલ એજન્સી ધરાવતા અને સર્વોદય સોસાટીમાં રહેતા ઘનશ્યામભાઇ ગંગાજળીયા અને કોમલબેનની પુત્રી ઇશાએ એસકેપી હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૯.૧૧ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ઇશાની ઇચ્છા ડોકટર બનવાની છે. આ માટે ધો. ૧૧માં સાયન્સ સાથે તપોવન હાઇસ્કુલમાં પ્રવેશ મેળવી લીધો છે.

ઇશા ગંગાજળીયા તેના દાદા ડો. ઓધવજીભાઇ ગંગાજળીયાના પગલે ડોકટર થવા માંગે છે. ઇશાના દાદા ઓધવજીભાઇ ૮૦ વર્ષે પણ પ્રેકટીસ કરી રહયા છે. ઘનશ્યામભાઇ અને તેનો ભાઇ નીલેશ મેડીકલ સ્ટોર્સનું સંચાલન કરે છે. આ પરિવાર સ્વાધ્યાય પરિવારમાં સક્રિય છે.

ઇશા દાદાના પગલે ડોકટર બને તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# હેત્વી સોલંકીને SSCમાં ૯૯.૨૮ PR






રાજકોટના સ્વામીનારાયણ ચોક અંબાજી કડવા પ્લોટમાં રહેતા અને કારખાનામાં નોકરી કરતા પિયુષભાઇ સોલંકી અને મનિષાબેન સોલંકીની પુત્રી હેત્વી સોલંકીએ એસએસસીમાં ૯૯.૨૮ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. હેત્વીની ઇચ્છા કમ્પ્યુટર સાયન્સ કે કમ્પ્યુટર ઇજનેર બનવાની છે. તેણે તપોવન સ્કુલમાં ધો. ૧૧માં એ-ગ્રુપમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

# પિતાને પગલે નવ્યા બોરાણીયા કમ્પ્યુટર ઈજનેર બનશે






રાજકોટના મોરબી રોડ પર અમી એક્ઝોટીકામાં રહેતા અને કમ્પ્યુટરના વ્યવસાય સાથે સંકળાયેલા સિદ્ધાર્થ બોરાણીયા અને રૂપલબેનની પુત્રી નવ્યા બોરાણીયાએ એસએસસીમાં ૯૯.૧૦ પીઆર મેળવી બોરાણીયા પરિવારનું નામ સમાજમાં રોશન કર્યું છે. નવ્યા પિતાના પગલે કમ્પ્યુટર ઇજનેર થવા માંગે છે. નવ્યાએ આ માટે મોદી સ્કુલમાં સાયન્સમાં પ્રવેશ મેળવી લીધો છે.

નવ્યામાં દાદા હેમંતભાઇ બોરાણીયા આઇટીઆઇમાં ફરજ બજાવી નિવૃત્ત થયા છે. તેમણે તેમના બંને સંતાનો સિદ્ધાર્થ અને નાનો દીકરો ધવલ બંને કમ્પ્યુટર ઇજનેર છે અને સારી જગ્યાએ જોબ કરી રહયા છે.

નવ્યાના માતા રૂપલબેન પણ ગ્રેજયુએટ છે. નવ્યા પિતાની જેમ કમ્પ્યુટર ક્ષેત્રે આગળ વધે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.



# રાજકોટની મનસ્વી સોનીગરાને SSCમાં ૯૮.૮૯ PR મેળવ્યા

રાજકોટની સર્વોદય સ્કુલ પાસે મનસ્વી એલ્યુમીનીયમના નામથી બીઝનેશ કરતા સતીષભાઇ અને જાગૃતિબેન સોનીગરાની પુત્રી મનસ્વીએ એસએસસીમાં ૯૮.૮૯ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. અને આગળના અભ્યાસ માટે એસકેપી હાસ્કુલમાં પ્રવેશ મેળવી લીધો છે. મનસ્વી ઉચ્ચ અભ્યાસ કરી શિક્ષણ ક્ષેત્રે આગળ વધે તેવી શુભેચ્છા.

# રાજકોટની હીમાંશી પાટણવાડીયાને SSCમાં ૯૮.૭૨ PR:ડોકટર બનવું છે



રાજકોટના સાંઢીયા પુલ નીચે બાલાજી સ્ટીલ ફર્નીચરના નામથી ફર્નીચરનો વ્યવસાય કરતા શૈલેષભાઇ પાટણવાડીયા અને હીનાબેન પાટણવાડીયાની પુત્રી હીમાંશીએ શુભમ સ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૮.૭૨ પીઆર મેળવી સમાજમાં ગૌરવ પ્રસ્થાપીત કર્યું છે. હીમાંશીનું લક્ષ્ય ડોકટર બનવાનું હોવાથી સાયન્સ લઇ બી ગ્રુપ લઇ કડવીબાઇ વિરાણી કન્યા વિદ્યાલયમાં આગળ અભ્યાસ શરૂ કર્યો છે.

હીમાંશી પાટણવાડીયા ડોકટર બનવાનું લક્ષ્ય પાર પાડે તેવી શુભેચ્છા.



# રાજકોટના માધવ તલસાણીયાને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવુ છે




જાણીતા આર્કીટેકટ પીલુભાઇ છનીયારાને ત્યાં ૩૦ વર્ષથી ફરજ બજાવતા સીવીલ એન્જિનિયર હિતેષભાઇ તલસાણિયા અને કિરણબેન તલસાણિયાના પુત્ર માધવે પંચશીલ હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૮.૬૧ પીઆર મેળવ્યા છે. માધવનું લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું છે અને આ માટે ધો. ૧૧માં મોદી સ્કુલમાં કોમર્સ રાખી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

# રાજકોટની ખુશી ભેસાણીયાને SSCમાં ૯૮ PR : સીએ બનશે






પુનિતનગરમાં રહેતા અને બીના ઇન્ડસ્ટ્રીઝના નામથી સ્પ્રેગન બનાવવાનો બીઝનેશ કરતા દિવ્યેશભાઇ ભેંસાણીયા અને બીનાબેનના પુત્રી ખુશી ભેસાણીયાએ કડવીબાઇ વિરાણીમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૮ પીઆર મેળવ્યા છે. ખુશીની ઇચ્છા ચાર્ટર્ડ એકાઉન્ટનટ બનવાની હોય તેણે કડવી બાઇમાં જ ૧૧ કોમર્સ શરૂ કર્યું છે.

ખુશીને કથ્થક નૃત્યમાં રસ અને રૂચી છે. કથ્થકના ૬ વર્ષ તેમણે પુરા કર્યા છે. ખુશી ઉચ્ચ શિક્ષિત બને તેવી શુભકામના.

# રાજકોટની ધાર્મી પાટણવાડીયાને SSCમાં ૯૭ PR : એન્જિનિયર બનવુ છે



રાજકોટમાં ન્યુ સુભાષનગરમાં રહેતા અને પીયુસી ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલ હેમલભાઇ પાટણવાડીયા અને કિરણબેન પાટણવાડીયાની પુત્રી ધાર્મીએ શુભમ સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૭ પીઆર મેળવી સ્કુલ અને પરિવારનું ગૌરવ વધારવાની સાથોસાથ સમાજનું પણ ગૌરવ વધાર્યુ છે. ધાર્મીને કમ્પ્યુટર એન્જિનિયર બનવાની ઇચ્છા હોવાથી ધો. ૧૧માં કડવીબાઇ વિરાણીમાં પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો છે. ધાર્મીના પિતા હેમલભાઇ પ્રગતિ મંડળમાં પણ સમાજ સેવામાં જોડાયેલા રહે છે.



# રાજકોટની ક્રિષા ગઢીયાને SSCમાં ૯૭ PR : ઇજનેર બનવું છે





રાજકોટમાં શ્રીનાથજી સોસાયટીમાં રહેતા અને ફર્નીચર કોન્ટ્રાકટર એવા ભાવેશભાઇ ગઢીયા અને વર્ષાબેન ગઢીયાની પુત્રી ક્રિષા ગઢીયાએ ગોંડલ બીએપીએસ સ્વામીનારાયણ ગુરૂકુળમાં એસએસસીમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૭ પીઆર મેળવી મેવાડા સુથાર સમાજમાં ગૌરવ વધાર્યું છે. ક્રિષાની ઇચ્છા કમ્પ્યુટર ઇજનેર બનવાની હોવાથી ધો. ૧૧માં એ ગ્રુપમાં રાજકોટની મોદી સ્કુલમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

ભાવેશભાઇ આઇટીઆઇ મીકેનીક કર્યું પરંતુ પરંપરાગત ફર્નીચરનો વ્યવસાય અપનાવ્યો અને પોતાના બંને સંતાનો ઉચ્ચ શિક્ષિત બને તે માટે પ્રયત્નશીલ છે. ભાવેશભાઇનો પુત્ર સ્મિત અમદાવાદમાં બીસીએ પૂર્ણ કરી અને હાલ ચેન્નઇમાં એમસીએનો અભ્યાસ કરી રહયો છે. ક્રિષાને ડ્રોઇંગ એન ગણિતમાં રસ અને રૂચી છે. જયારે તેમના પિતા ભાવેશભાઇ ધંધામાંથી સમય કાઢી સમાજ સેવા માટે પણ તત્પર રહે છે. તેઓ મેવાડા સમાજના યુવક મંડળના સભ્ય તરીકે સમાજના સર્વાંગી વિકાસ માટે સદાય તત્પર રહે છે.

ક્રિષા ગઢીયાનું કમ્પ્યુટર ઇજનેર બનવાનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# રાજકોટના યશ ધોરાજીયાને SSCમાં ૯૭ PR : ઇજનેર બનશે



રાજકોટમાં ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા ભાવેશભાઇ ધોરાજીયા અને હેતલબેન ધોરાજીયાના પુત્ર યશએ ભકિતનગર સર્કલ પાસે આવેલ સરસ્વતી હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૭ પીઆર મેળવી મેવાડા સમાજનું ગૌરવ વધાર્યું છે. યશનું લક્ષ્યાંક ઇજનેર થવાનું છે એટલે ધો. ૧૧માં સાયન્સ લઇ સરસ્વતી હાઇસ્કુલમાં જ પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ભાવેશભાઇ અને તેના પત્ની હેતલબેન ઉચ્ચ શિક્ષણ મેળવી શકયા નથી પરંતુ તેના બંને સંતાનો ઉચ્ચ શિક્ષિત બને તે માટે કટીબદ્ધ છે. ભાવેશભાઇની પુત્રી માનસી પણ હાલમાં એચ.એન. શુકલ કોલેજમાં કોમર્સ ગ્રેજયુએટ કરી રહી છે. ભાવેશભાઇના ભાઇ સ્વ. ઇશ્વરભાઇ ધોરાજીયા શિક્ષક હતા અને મેવાડા સમાજના પ્રમુખ પદે રહી સમાજનો સારો વિકાસ કર્યો હતો. ભાવેશભાઇ પણ સમાજના કામ માટે સદા તત્પર રહે છે. યશ ઇજનેર બનીને પરિવાર અને સમાજમાં ગૌરવ પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

# રાજકોટની ક્રિષા સંચાણીયાને ૯૬.૩૭ પીઆર : કોમર્સ ગ્રેજયુએટ થવુ છે



રાજકોટ અને અમદાવાદ બંને શહેરોમાં પરવા એશોસીએટસના નમાથી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા સિવિલ એન્જિનિયર એવા અંકુરભાઇ સંચાણીયા અને બી.કોમ. ગ્રેજયુએટ પુર્વીબેન સંચાણીયાની પુત્રી ક્રિષાએ માસુમ વિદ્યાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૬.૩૭ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. ક્રિષાની ઇચ્છા કોમર્સ ગ્રેજયુએટ થવાની છે. આમ તેમણે કોમર્સ સાથે ધો. ૧૧માં ધોળકીયા સ્કુલમાં પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કરી દીધો છે. હસનવાડીમાં રહેતા સંચાણીયા પરિવારની ક્રિષાબેન સ્પોર્ટસમાં બેડમીન્ટન રમવાની સાથે ડાન્સીંગનો પણ શોખ ધરાવે છે.

# રાજકોટની માનસી વોરલીયા સીવીલ એન્જિનિયરીંગ કરશે



રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે રહેતા નરેન્દ્રભાઇ વોરલીયા અને આશાબેન વોરલીયાની પુત્રી માનસી વોરલીયાએ શ્યામા પ્રસાદ મુખર્જી હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૬ પીઆર મેળવી વોરલીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

માનસી વોરલીયા ડીપ્લોમા સિવિલ એન્જિનિયર થવા માંગે છે. આ માટે કોલેજમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી છે. પ્રાથમિક શિક્ષણ મેળવી વરૂણ કાસ્ટીંગમાં નોકરી કરતા નરેન્દ્રભાઇ પોતાના બંને સંતાનો ઉચ્ચ શિક્ષણ મળે તે માટે સંતાનોએ પ્રોત્સાહન આપી રહયા છે. નરેન્દ્રભાઇનો



યુવાન પુત્ર મયુર પીડીએમ કોલેજમાં ગ્રેજયુએશન કરી રહયો છે.

માનસી સિવિલ ઇજનેર બને તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.


# ખુશી ખંભાયતાને SSCમાં ૯૫.૫૦ PR : IPS બનવું છે





રાજકોટમાં નિક્ષી નોવા મોટરન નામની ઓડીની કંપનીમાં સર્વિસ મેનેજર તરીકે ફરજ બજાવતા મયુરભાઇ ખંભાયતા અને અવનીબેન ખંભાયતાની પુત્રી ખુશીએ એસએસસીમાં ૯૯.૫૦ પીઆર મેળવીને સમાજમાં નામ રોશન કરવું છે. ખુશીનું લક્ષ્ય આઇપીએસ ઓફીસર બનવાનું છે. આગળના અભ્યાસ માટે ખુશીએ સાયન્સ વિષય રાખી મોદી સ્કુલમાં અભ્યાસ શરૂ કરી દીધો છે. ખુશીની માતા અવનીબેને પણ એમ.એસસી. હોમ સાયન્સમાં ગ્રેજયુએશન કર્યું છે. ઉચ્ચ શિક્ષિત દંપતિ તેમની પુત્રીને ઉચ્ચ શિક્ષિત બનાવવા કટીબદ્ધ છે.

# અર્પીતા ચુડાસમાને SSCમાં ૯૫.૪૨ PR : ઇજનેર બનવાનું લક્ષ્ય



રાજકોટમાં નવલનગરમાં રહેતા અને ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા ભાવેશભાઇ ચુડાસમા અને બીએ ગ્રેજયુએટ એવા કિરણબેનની પુત્રી અર્પીતાએ નાના મવા રોડ પર આવેલ મહાત્મા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૫.૪૨ પીઆર મેળવી મેવાડા સુથાર સમાજમાં ગૌરવ વધાર્યું છે. અર્પિતાને કમ્પ્યુટર ઇજનેર થવુ છે આ માટ એ ગ્રુપ સાયન્સમાં તે જ સ્કુલમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

અર્પિતા અભ્યાસની સાથે ડ્રોઇંગ અને મહેંદીનો શોખ કેળવ્યો છે અને અર્પિતાના પિતા ભાવેશભાઇ મેવાડા સમાજના યુવા ગ્રુપમાં સક્રિય રહીને સમાજપયોગી કામમાં સહયોગ આપતા રહયા છે.

ફર્નીચરનું કામ કરતા રહેલા ભાવેશભાઇની પુત્રીએ ઉચ્ચ ગુણ મેળવતા સમાજના આગેવાનો દ્વારા અર્પીતા પર અભિનંદનનો વરસાદ વરસી રહયો છે.

અર્પિતા કમ્પ્યુટર ઇજનેર બનવાનું લક્ષ્ય પાર પાડે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા

# મોરબીના શુભમ સીનરોજાને SSCમાં ૯૫ PR : કમ્પ્યુટરમાં આગળ વધશે





મુળ બગસરાના પણ સર્વિસ માટે મોરબી સ્થાયી થયેલા જયેશભાઇ સીનરોજા અને શિતલબેન સીનરોજાના પુત્ર શુભમે એસએસસીમાં ૯૫ પીઆર મેળવી સીનરોજા પરિવારનું નામ રોશન કર્યું છે. શુભમે આગળના અભ્યાસ માટે સાયન્સ પસંદ કર્યું છે. અને મોરબીના નિર્મલ સાયન્સ સ્કુલમાં પ્રવેશ મેળવ્યો છે. શુભમ કમ્પ્યુટર ક્ષેત્રે કારકિર્દી ઘડવા માંગે છે.

શુભમના માતા-પિતા બંને ઉચ્ચ શિક્ષિત છે. પિતા જયેશભાઇ સીનરોજા સ્વામીનારાયણ ગુરૂકુલ મોરબી શાખામાં શિક્ષક છે. એમ.કોમ., બી.એડ. કરીને તેમણે શિક્ષણ ક્ષેત્રે પસંદ કરી શિક્ષક બન્યા છે. અને ધો. ૧૧-૧૨માં એકાઉન્ટન્ટ ભણાવે છે. શુભમના માતા શિતલબેન પણ એમ.કો. સુધી ભણેલા છે.

ઉચ્ચ શિક્ષિત માતા-પિતા પોતાના સંતાનને પણ ઉચ્ચ શિક્ષણ આપવા કટીબદ્ધ છે.

# કૃપા સોનીગરાને SSCમાં ૯૪.૪૫ PR : કોમર્સ કરવું છે





રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ રાજ રેસીડેન્સીમાં રહેતા ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા જયસુખભાઇ સોનીગરા અને આશાબેન સોનીગરાની પુત્રી કૃપા સોનીગરાએ એસએસસીમાં ૯૪.૪૫ પીઆર મેળવી સમાજનું નામ રોશન કર્યું છે.

મુળ કુકાવાવા તાલુકાના તરઘડી ગામના જયસુખભાઇ ૧૧ વર્ષની રાજકોટ સ્થાયી થયા છે. અને સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી રહયા છે. એસએસસીમાં ઉચ્ચ ગુણ મેળવનાર કૃપા સોનીગરાને કોમર્સ ગ્રેજયુએટ થવું છે. તેણે જે.પી. પટેલ બારદાનવાલા હાઇસ્કુલમાં પ્રવેશ મેળવી લીધો છે અને આગળ અભ્યાસ શરૂ કર્યો. જયસુખભાઇ સોનીગરા પ્રગતિ મંડળના પ્રમુખે રમેશભાઇ સોનીગરાના ભાઇ છે અને તે પણ પ્રગતિ મંડળમાં સેવા કાર્ય કરે છે.



# રાજકોટની જાનવી ચંદવાણીએ SSCમાં ૯૩.૬૨ PR મેળવ્યા



રાજકોટમાં મિસ્ત્રી કામ કરતા રાજેશભાઇ ચંદવાણીયા અને મિતલબેન ચંદવાણીયાની પુત્રી જાનવીએ ક્રિષ્ના હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૩.૬૨ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યુ છે. જાનવી આગળનો અભ્યાસ કોમર્સમાં કરવા માંગે છે તેથી ધો. ૧૧માં કોમર્સમાં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કરી દીધો છે.

# અમદાવાદની હેત્વી સુથારની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું લક્ષ્ય



અમદાવાદમાં ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા ધર્મેશભાઇ અને ક્રિષ્નાબેન સુથારની પુત્રી હેત્વી સુથારએ એસએસસીમાં ૯૨.૭૩ પીઆર મેળવી સુરેલીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે. હેત્વીના પિતા કોમર્સ ગ્રેજયુએટ છે. અને ટોરન્ટો ફાર્મા કંપનીમાં કામ કરે છે.

હેત્વી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માંગે છે. એટલે તે જ સ્કુલમાં ધો. ૧૧માં પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો છે.

# રાજકોટની આશ્વી પટવાણાને SSCમાં ૯૦.૨૮ PR : BBA કરશે





મુળ જુનાગઢના અને ૧૭ વર્ષથી રાજકોટ રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે રહેતા મનીષભાઇ પટવાણા અને પારૂલબેનની પુત્રી આશ્વી પરવાણાએ જી.ટી. ગર્લ્સ હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૦.૨૮ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. આશ્વીને બીબીએ કરવુ હોય ધો. ૧૧માં જીટી શેઠ ગર્લ્સ હાઇસ્કુલમાં જ પ્રવેશ મેળવ્યો છે. આશ્વી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

# દેવાંશીને SSC(CBSE) બોર્ડમાં ૯૧.૬ % : ઇજનેર બનવાનું લક્ષ્ય

રાજકોટના મવડી કણકોટ રોડ પર રહેતા હીરેનભાઇ ગજજર (વડગામા) અને મોનલબેન ગજજરની પુત્રી દેવાંશીએ નિર્મલા કોન્વેન્ટ સ્કુલમાં સીબીએસઇ બોર્ડમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૧.૬ % ટકા મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. દેવાંશીએ ધો. ૧૧માં એ ગ્રુપ એટલે સાયન્સમાં અભ્યાસ શરૂ કરી દીધો છે.

દેવાંશીના પિતા હિરેનભાઇ પ્રોડકશન એન્જિનિયર છે અને જગુભાઇ ભારદીયાની સીફકો એન્જિ. પ્રા.લી. સાથે સંકળાયેલા છે. દેવાંશી પિતાના પગલે એન્જિનિયર થવાની ઇચ્છા ધરાવે છે. આઇઆઇટીમાંથ ઇજનેર થવાનું દેવાંશી લક્ષ્ય ધરાવે છે. દેવાંશીના માતા મોનલબેન પણ એમ.કોમ. ગ્રેજયુએટ થયેલા છે.

દેવાંશી અભ્યાસની સાથે રીડીંગનો શોખ ધરાવે છે અંગ્રેજી બુક-મેગેઝીન વાંચવાનું તે વધારે પસંદ કરે છે. પેઇન્ટીંગ પણ તેમનો શોખ છે. દેવાંશીનું આઇઆઇટીમાંથી ઇજનેર થવાનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી શુભેચ્છાઓ વ્યકત કરે થઇ રહી છે. ઉચ્ચ ગુણ મેળવી સમાજમાં ગૌરવ મેળવવાની સાથે ગજજર સમાજ માટે પણ ગૌરવ ઉભુ કરનાર દેવાંશીને વિશ્વકર્મા વિશ્વ તરફથી પણ શુભેચ્છા.

# અમદાવાદના દક્ષ સંચાણીયાને કોમર્સ ગ્રેજયુએટ થવુ છે



અમદાવાદમાં ઘોડાસરમાં રહેતા રીતેશભાઇ સંચાણીયા અને દીપાલીબેનના પુત્ર દક્ષ સંચાણીયાએ ઘોડાસરમાં આવેલ ઇમેજ હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૮૯.૧૫ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. દક્ષની ઇચ્છા કોમર્સ ગ્રેજયુએટ થવાની હોવાથી ધો. ૧૧માં પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. સુથારી કામ કરતા રીતેશભાઇનો પુત્ર દક્ષ યોગનો પણ અભ્યાસ કરી રહયો છે. કોમર્સમાં આગળ વધી કમ્પ્યુટર ક્ષેત્રે તે આગળ વધવા માંગે છે.

# વેરાવળના યશ કવાને SSC ૯૦.૫ PR



વેરાવળમાં ડાભોર રોડ પર વિશ્વકર્મા વેલ્ડીંગના નામથી ફેબ્રીકેશનનો વ્યવસાય કરતા અને હાઇવે પર હુડકો સોસાયટીમાં રહેતા હસમુખભાઇ કવા અને હેતલબેન કવાના પુત્ર યશ એ એસએસસીમાં ૯૦.૫ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

યશને આર્ટમાં રસ અને રૂચી છે. ખાસ કરીને પેઇન્ટીંગ પણ શોખથી કરે છે. ધો. ૧૧ કરી એચએસસી કરી આગળ અભ્યાસ કરવો છે. યશ કરાટેમાં નિષ્ણાંત છે અને તેમાં સિલ્વર-બ્રોન્જ સહિતના મેડલ અને સારા એવા રોકડ પુરસ્કાર મેળવી ચુકયો છે. તે આર્ટની યુટયુબ ચેનલ પણ ચલાવ છે.

પ્રાથમીક શિક્ષણ પામેલા હસમુખભાઇ તેના સંતાનોને ઉચ્ચ શિક્ષણ મેળવે તેના આગ્રહી છે. તેની દીકરી સ્નેહાને એમ.કોમ. કરાવ્યું છે અને પોદાર ઇન્ટરનેશનલ સ્કુલમાં શિક્ષણ પણ આપી રહી છે. યશને વાંસળી વગાડવાનો પણ શોખ છે. તેને જાતે જ વાસણી બનાવી છે. જાતે જ બનાવેલ વાંસળીના સુરો વહેતા હોય ત્યારે અનેરૂ સંગીતમય વાતાવરણ ઉભુ કરે છે.

યશ ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા...

# રાજકોટના આર્યન ચંદવાણીયા રોબોટીક એન્જિનિયર બનવું છે



રાજકોટના મવડી ગામમાં પટેલ પાર્કમાં રહેતા દિપકભાઇ ચંદવાણીયા અને હીનાબેન ચંદવાણીયાના પુત્ર આર્યને મોદી સ્કુલમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૮૯.૫૯ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

આર્યન રોબોટીક એન્જિનિયર બનવા માંગ છે તેથી સાયન્સ પસંદ કરી 'એ-વન'માં પ્રવેશ મેળવી લીધો છે.

દીપકભાઇ ચંદવાણીયા ગુર્જર સુતાર પ્રગતિ મંડળમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપે છે. ફર્નીચર કોન્ટ્રાકટર એવા દિપકભાઇનો પુત્ર આર્યન રોબોટીક ઇજનેર બને તેવી શુભેચ્છા.

# અમદાવાદનો હર્ષવર્ધન સોનીગરા ઇન્ટીરીયર ડીઝાઇનર બનશે

અમદાવાદના બાવળા પાસે વેનેઝીયા અને વીટાઝીવો બ્રાન્ડનું મોડયુલર ફર્નીચર બનાવતી શ્રી રામ વુડન ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના વિશ્વાસ તુલસીદાસ સોનીગરા અને રીનાબેન સોનીગરાના પુત્ર હર્ષવર્ધને એસએસસીમાં ૮૩.૯૪ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી સમાજમાં ગૌરવ વધાર્યું છે.

હર્ષવર્ધનની ઇચ્છા ઇન્ટીરીયર ડીઝાઇનર બનવાની છે. અને આ માટે સાયન્સ સાથે ધો. ૧૧માં કાપડીયા હાઇસ્કુલમાં પ્રવેશ મેળવી લીધું છે.


હર્ષવર્ધનના માતા-પિતા બંને ગ્રેજયુએટ છે. વિશ્વાસ સોનીગરાએ બી.કોમ. કરી ઇન્ટીરીયરનો કોર્ષ કરી મોડયુલર ફર્નીચરનો વ્યવસાય કરી દેશ-વિદેશમાં નામના મેળવી છે. હર્ષવર્ધનના માતા રીનાબેન સોનીગરા પણ બી.એ. ગ્રેજયુએટ છે.



હર્ષવર્ધનને ઉચ્ચ શિક્ષિત કરવા તેના દાદા તુલસીદાસ સોનીગરા અને માતા-પિતા સતત પ્રોત્સાહન આપતા રહયા છે.

# ઉંઝાના મિત મેવાડાને ઇ.સી. ઇજનેર થવુ છે



ઉંઝામાં દુધ સાગર કડેરીમાં ફરજ બજાવતા રજનીકાંતભાઇ અને ઉર્મીલાબેનના મેવાડા પુત્ર મિતએ એચએસસીમાં સાયન્સમાં ૯૯.૫૧ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે.

મિત મેવાડાને ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કમ્યુનિકેશન કરવું છે. નિરમા યુનિવર્સિટી કે એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજમાં પ્રવેશ મેળવવાની કાર્યવાહી ચાલુ છે. મિત-મેવાડાને શિક્ષણ ઉપરાંત ક્રિકેટ રમવાનો શોખ છે.

# ગોંડલના રીક્ષાચાલકની પુત્રી દિપ્તી પેશાવરીયા સી.એ. બનશે






ગોંડલ પાસેના નગરપીપળીયામાં રહીને ગોંડલમાં રીક્ષા ચલાવતા પ્રતાપભાઇ પેશાવરીયા અને ગીતાબેનની પુત્રી દીપ્તી પેશાવરીયાએ ગોંડલની મોંઘીબા હાઇસ્કુલમાં અભ્યાસ કરીને એચએસસીમાં ૯૯.૪૯ પીઆર મેળવીને અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

દીપ્તીનું લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું છે. આ માટે કોલેજમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી છે. પ્રતાપભાઇ પેશાવરીયાના બે પુત્રો છે. જેમાંથી સાગર વે બ્રીજમાં નોકરી કરે છે જયારે નાનો આયુષ આઇટીઆઇમાં ઓટો મીકેનીકલનો કોર્ષ કરી રહયો છે. ઓટો રીક્ષા ચલાવીને રોજી રોટી કમાતા પ્રતાપભાઇ પેશાવરીયાની પુત્રી દીપ્તી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બને તે માટે વિશ્વકર્મા પ્રભુજી તેને તન-મન-ધનથી સહયોગ આપવાની કોઇને પ્રેરણા આપે તેવી પ્રભુ પ્રાર્થના.




# રાજકોટની ધ્રુવી વઘાડીયાને HSCમાં ૯૯.૪૫ PR : CA બનવું છે

રાજકોટમાં સ્ટારટેકના નામથી લેઝર માર્કેટીંગનો વ્યવસાય કરતા અને કાલાવડ રોડ પર હાઉસીંગમાં રહેતા રૂપેશભાઇ વઘાડીયા અને બીંદીયાબેન વઘાડીયાની પુત્રી ધ્રુવીએ એચએસસીમાં ૯૯.૪૫ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યું છે. આઇટીઆઇ કરીને પોતાનો વ્યવસાય કરતા રૂપેશભાઇ અને બીસીએ-બીબીએ સુધીનો અભ્યાસ કરનાર બીંદીયાબેનની પુત્રીને ચાર્ટર્ડ એકાઉન્ટ કરવું છે. તેણે કુંડલીયા કોલેજમાં એસ્ટર્નલ બી.કોમ. કરશે. સીએ માટેની તૈયારી પણ ધ્રુવીએ શરૂ કરી દીધી છે.

# ધવલ માંડવીયાને HSCમાં ૯૯.૩ PR : BCA કરવું છે





રાજકોટના આજી ડેમ પાસે રહેતા અને મીકેનીકલ એન્જિનિયર તરીકે આરકેજી ગંગા નામની ઇન્ડસ્ટ્રીઝમાં કામ કરતા અતુલભાઇ માંડવીયા અને નયનાબેન માંડવીયાના પુત્ર ધવલે એચએસસીમાં ૯૯.૩ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

ધવલની ઇચ્છા બીસીએ થવાની છે અને આ માટે દર્શન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી લીધો છે. ધવલને કોર્ડીંગમાં રસ અને રૂચી છે.

# રાજકોટની હેત્વી નગેવાડીયા ચાર્ટર્ડ એકાઉન્ટનટ બનશે





રાજકોટમાં સ્વાશ્રય સોસાયટીમાં રહેતા અને આનંદ બંગલા ચોકમાં વિશ્વકર્મા ડીઝાઇનના નામથી પ્રિન્ટીંગ ડીઝાઇનીંગનું કામ કરતા સચિનભાઇ નગેવાડીયા અને કોમલબેનની પુત્રી હેત્વી નગેવાડીયાએ મોદી સ્કુલમાં અભ્યાસ કરી એચએસસીમાં ૯૯.૨૩ પીઆર મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

હેત્વીનું લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું છે અને આ માટે સીએ ફાઉન્ડેશનમાં રજીસ્ટ્રેશન કરાવી અભ્યાસ શરૂ કરી દીધો છે.

# ખંભાળીયાના હર્ષ જોલાપરા શિક્ષણ ક્ષેત્રે આગળ વધશે

જામખંભાળીયામાં નવાપરા વિસ્તારમાં રહેતા અને ફર્નીચરનું કામ કરતા વિનોદભાઇ અને કમળાબેન જોલાપરાના પુત્ર હર્ષ જોલાપરાએ અંગ્રેજી માધ્યમમાં એચએસસીમાં ૯૮.૯૨ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. કોઇપણ જાતના ટયુશન વગર આવી સિદ્ધિ મેળવનાર હર્ષ જોલાપરા શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા તત્પર છે. તેમણે ગ્રેજયુએશન માટે જામનગરી એમ.પી. શાહ કોમર્સ કોલેજ પસંદ કરી છે.

વિનોદભાઇ અને કમળાબેન પ્રાથમિક શિક્ષણ જ મેળવી શકયા છે. પણ સંતાનો ઉચ્ચ શિક્ષિત બને તે માટે તનતોડ મહેનત કરી દીકરી મીરા એચએસસીમાં દ્વારકા જીલ્લામાં પ્રથમ આવી હતી. ત્યારબાદ ગ્રેજયુએટ થઇને ગોલ્ડ મેડલ પણ રાજયપાલના હસ્તે મેળવ્યો. મીરા જામનગરમાં વિનોદભાઇ ભારદીયા સાથે પરણી છે અને ધોળકીયા સ્કુલમાં શિક્ષિકા તરીકે અભ્યાસ કરે છે.

ઉચ્ચ શિક્ષણ ન મેળવી ચુકેલા માતાપિતા શિક્ષણનું મહત્વ સમજીને કેવી રીતે સંતાનોને ઉચ્ચ શિક્ષિત બનાવે છે તેનું




દ્રષ્ટાંત વિનોદ ભાઇ જોલાપરા છે. હર્ષ જોલાપરા બેન મીરાની જેમ શિક્ષણ ક્ષેત્રે નામના કાઢે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# રાજકોટની નંદીની ભારદીયાને SSCમાં ૯૭.૩૪ PR મેળવ્યા





રાજકોટના અયોધ્યા ચોકમાં રહેતા જીતેન્દ્રભાઇ ભારદીયા અને સોનલબેન ભારદીયાની પુત્રી નંદીની ભારદીયાએ એચએસસીમાં ૯૭.૩૪ પીઆર મેળવી ભારદીયા પરિવારનું ગૌરવ વધાર્યું છે. નંદીની ભારદીયા નીટની પરીક્ષાનું પરિણામ આવે પછી આગળના અભ્યાસ માટે નિર્ણય કરશે. નંદીનીના માતા-પિતા બંને ઉચ્ચ શિક્ષિત છે. જીતેન્દ્રભાઇ એમ.એ. બી.એડ. થયેલા છે. અને હાલ પ્રાઇવેટ જોબ કરે છે. જ્યારે માતા સોનલબેન પણ એમ.એ. બી.એડ થયેલા છે. તેમણે થોડો સમય શિક્ષિકાની ફરજ બજાવી હતી.



# નારોલીની ઉજાલીને HSCમાં ૯૭ PR

થરાદના નારોલીમાં ઉત્તર બુનીયાદી શાળામાં અભ્યાસ કરીને ઉજાલીએ એચએસસીમાં ૯૭ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. રામજી સુથાર અને લીલાબેનની પુત્રી નીટનું પરિણામ આવ્યા પછી આગળ શું કરવું તેનો નિર્ણય લેશ.

# સુરતના હર્ષ મિસ્ત્રીને HSCમાં ૯૬.૫ PR : એન્જિ. બનશે



સુરતમાં ડાયમંડ ઇન્ડસ્ટ્રીઝમાં ફરજ બજાવતા રહેલા કતારગામમાં રહેતા તેજસભાઇ મિસ્ત્રી અને વર્ષાબેન મિસ્ત્રીના પુત્ર હર્ષ મિસ્ત્રીએ એચએસસીમાં ૯૬.૫ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. હર્ષ મિસ્ત્રીનું લક્ષ્ય એન્જિનિયર બનવાનું છે. અને તેનું લક્ષ્ય પાર પડે તે માટે માતા-પિતા સતત પ્રોત્સાહન આપતા રહયા છે.



# અમદાવાદની તૃપ્તી ગઢીયાને સીએ થવું છે



અમદાવાદમાં સીટીએમ વિસ્તારમાં રહેતા અશ્વિનભાઇ અને મીનાક્ષીબેનની પુત્રી તૃપ્તિ ગઢીયાએ એચએસસીમાં ૯૬ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. કારખાનામાં કામ કરતા અશ્વિનભાઇની પુત્રી તૃપ્તિ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માંગે છે. એટલે કોમર્સ કોલેજમાં પ્રવેશ મેળવવાની પ્રક્રિયા હાથ ધરવાની સાથે તેણે સીએની તૈયારી શરૂ કરી દીધી છે.

# ધોરાજીના હેત પરમાર ઈન્ટીરીયર ડીઝાઈનર બનશે : HSCમાં ૯૬ ટકા






ધોરાજીમાં જીન મીલ પ્લોટમાં વિશ્વકર્મા આર્યન વર્કસ્ના નામથી પ્લાસ્ટીક મશીનરી બનાવતા અને નવા બસ સ્ટેન્ડ પાસે રહેતા હસમુખભાઇ પરમાર અને અલ્પાબેન પરમારના પુત્ર હેત પરમારે સીબીએસએલ બોર્ડ (એકલવ્ય ગ્લોબલ હાઇસ્કુલ જુનાગઢ)માં અભ્યાસ કરી એચએસસી બોર્ડમાં ૯૬ ટકા મેળવી સમાજમાં પરિવારનું નામ રોશન કર્યું છે. હેત પરમારને ઇન્ટીરીયર ડીઝાઇનર બનવું છે. અને આ માટે પ્રવેશ મેળવવાની કાર્યવાહી શરૂ કરી છે. હેતના પિતા રાષ્ટ્રીય સ્વયં સંઘમાં ૧૫ વર્ષ કાર્યરત હતા. પિતાને પગલે રેલ પર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં છ વર્ષથી કાર્યરત છે. અને હાલ તે આરએસએસમાં ટીચર છે. અને યુવા વર્ગને સંઘમાં જોડાવા સતત પ્રયત્નશીલ રહે છે. હેત પરમાર ઇન્ટીરીયર ડીઝાઇનર બનવાનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.

# મનન કરગથરાને HSCમાં ૯૫.૫૪ PR : ચાર્ટર્ડ એકા. બનશે





રાજકોટના સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં ડીસન્ટ એન્જિનિયરીંગના નામથી કારખાનું ધરાવતા અને મારૂતિ બ્રાન્ડથી ડ્રીલ મશીન બનાવતા અજયભાઇ કરગથરા અને રીનાબેનના પુત્ર નમને એચએસસીમાં ૯૫.૫૪ પીઆર મેળવી કરગથરા પરિવારનું સમાજમાં નામ રોશન કર્યું છે. નમનનું લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાનું છે. રિવાણી કોમર્સ કોલેજમાં કોમર્સમાં એડમીશન લીધું છે. સાથોસાથ સી.એમ.નો. અભ્યાસ ઓનલાઇન કરવાનો છે. આ અંગેની પ્રક્રિયા પૂર્ણ કરી છે. મનનને અભ્યાસની સાથે ક્રિકેટ રમવાનો પણ શોખ છે.

# નીકાવાની ચાર્મી ગંગાજળીયા બેકીંગ ક્ષેત્રે આગળ વધશે





નીકાવામાં ફર્નીચરનું કામ કરતા જગદીશભાઇ ગંગાજળીયા અને શિલ્પાબેનની પુત્રી ચાર્મીએ રાજકોટની કડવીબાઇ વિરાણી હાઇસ્કુલમાં અભ્યાસ કરીને એચએસસીમાં ૯૪.૫૮ પીઆર મેળવી સમાજનું ગૌરવ વધાર્યું છે.

ચાર્મીને બેકીંગ ક્ષેત્રમાં રસ અને રૂચી હોવાથી એમ.જે. કુંડલીયા કોલેજમાં પ્રવેશ મેળવી લીધો છે.

ચાર્મી મંગળવા રોડ વિસ્તારમાં આવેલ ગેલેકસી ગર્લ્સ હોસ્ટેલમાં રેકટર તરીકે ફરજ બજાવે છે. આ હોસ્ટેલમાં જ રહીને ચાર્મી આગળનો અભ્યાસ કરશે ચાર્મી બેકીંગ ક્ષેત્રે આગળ વધે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

# નવસારીની રાશી મિસ્ત્રીને સાયકોલોજી સાથે બીએ કરવું છે






નવસારીમાં એબી સ્કુલમાં મેનેજમેન્ટ સંભાળતા હિમાંશુ મિસ્ત્રી અને દિવ્યાબેનની પુત્રી રાશીએ સીબીએસઇ બોર્ડમાં અભ્યાસ કરી એચએસસીમાં ૯૩ ટકા મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. રાશીનું લક્ષ્ય સાયકોલોજી સાથે બી.આર્ટસ કરવાનું છે. આ માટે સેંટ ઝેવીયર્સ કોલેજમાં પ્રવેશ મેળવવાની કાર્યવાહી ચાલુ છે. રાશી મિસ્ત્રીને ડ્રોઇંગ, પેઇન્ટીંગ અને રીડીંગનો શોખ છે. રાશીના માતા દિવ્યાબેન એમ.એ. ગ્રેજ્યુએટ છે અને એસજીએમ સ્કુલમાં શિક્ષિકા છે. હિમાંશુ મિસ્ત્રીએ એમબીએ કરેલું છે. રાશી મિસ્ત્રી સાયકોલોજીમાં ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા..

# ગોંડલના ભાવિન ઉછડીયાને HSCમાં ૯૩ PR : એમ.ટેક કરશે


મુળ ગોંડલ તાલુકાના વેકરી ગામના અને હાલ ગોંડલ રહેતા મનોજભાઇ ઉછડીયા અને ઉષાબેન ઉછડીયાના પુત્ર ભાવિન ઉછડીયાએ ગોંડલની બીએપીએસ સ્વામીનારાયણ ગુરૂકુળમાં એચ.એસ.સી.માં અભ્યાસ કરીને ૯૩ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યુ છે.


ભાવિન ઉછડીયાની ઇચ્છા બી.ટેક એન્જિનિયરીંગ કરવાની છે. અમદાવાદમાં આ માટે એડમીશન લેવાની પ્રેકીયા શરૂ કરી દીધી છે.




ગોંડલના સ્વામીનારાયણ ગુરૂકુળમાં ધર્મના સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું લક્ષ્ય ધરાવતા ભાવીન ઉછડીયા એન્જિ.માં બી.ટેક. કરે તેવી શુભેચ્છા.

# રાજકોટના ભાવિન સાપરાને HSCમાં ૯૩ PR : CA બનશે





રાજકોટમાં રહેતા મુળ કેવદરાના હાલ રાજકોટ એલ્યુમીનીયમ સેકસનનું કામ કરતા જગદીશભાઇ સાપરા અને સુમીતાબેન સાપરાના પુત્ર ભાવીને એચએસસીમાં ૯૩ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યુ છે અને પરિવારનું નામ રોશન કર્યું છે.

ભાવીનને કોમર્સ ગ્રેજ્યુએટશન સાથે ચાર્ટર્ડ એકાઉન્ટમાં અભ્યાસ કરી સીએ બનવું છે. આ માટે જે.કે. એકેડમીમાં પણ એડમીશન મેળવી લીધું છે. જગદીશભાઇનો બીજો પુત્ર પિયુષ ટુર્સ અને ટ્રાવેલ્સનો લગતું કામ કરે છે.

ભાવીન સીએ બને તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

## યોગીન છનિયારાના નેતૃત્વમાં ગજ્જર સ્પોર્ટસ કલબની રજત જયંતિની ઉજવણી

# હર્ષદ ખંભાયતા સ્મૃતિ કપમાં પોરબંદરની વિશ્વકર્મા ઈલેવન ચેમ્પિયન : બ્રધર ઈલે. રનર્સઅપ

• પ્રવીણ ગજ્જર




**વિશ્વકર્મા ઈલેવનને કરશન ઘાવરી અને હર્ષદ ખંભાયતાના પરિવારના હસ્તે ટ્રોફી એનાયત**




જેની પ્રેરણાથી ગામેગામમાં સ્પોર્ટસ કલબો ઉભી થઈ છે. તેવી રાજકોટની ગજ્જર સ્પોર્ટસ કલબ દ્વારા ગજ્જર સ્પોર્ટસ કલબની રજત જયંતિ મહોત્સવ અંતગર્ત યોગીન છનિયારાના નેતૃત્વમાં રાત્રી પ્રકાશ ટુર્નામિન્ટના પ્રણેતા સ્વ. હર્ષદભાઈ ખંભાયતાની સ્મૃતિમાં રેસકોર્સમાં આવેલ માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડીયમ ખાતે ૨૫મી રાત્રિ પ્રકાશ ટેનીસ ક્રિકેટ ટુર્નામિન્ટ ‘હર્ષદભાઈ ખંભાયતા સ્મૃતિ કપ’નું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈપીએલ ટુર્નામેન્ટના માહોલ વચ્ચે જાણીતા દાતા રવિ ટેકનોફોર્જના ચેરમેન શ્રી અમુભાઈ ભારદીયાના હસ્તે રીબીન કાપી ટુર્નામેન્ટ ખુલ્લી મુકાઈ હતી સાથે તેમના જ હસ્તે ટ્રોફીની અનાવરણ વિધિ કરવામાં આવી હતી.

૩૨મેથી શરૂ થયેલ ટુર્નામેન્ટની તા. ૬ જુનના રોજ પુર્ણાહુતિ થઈ કુલ ૩૨ ટીમો સ્પર્ધામાં હતી. રોજના ૫ મેચ રમાડવામાં આવ્યા. ૩૨ ટીમોમાંથી ચાર ટીમો અમદાવાદની બ્રધર્સ ઈલેવન અને કચ્છની એમ.જી. ઈન્ટીરીયર વચ્ચે તેમજ



**રનર્સઅપ બ્રધર ઈલેવન સાથે ગજ્જર સ્પોર્ટસ કલબના પ્રમુખ યોગીન છનિયારા**









- **શ્રી અમુભાઇ ભારદીયાના હસ્તે ટુર્નામેન્ટનું ઉદઘાટન**
- **રનર્સઅપ બ્રધર ઇલેવનને શ્રી અમુભાઇ ભારદીયા અને જગુભાઇ ભારદીયા, શાંતિલાલ ખોડદીયા અને તુલસીભાઇ સોનીગરાના હસ્તે ટ્રોફી એનાયત**

બોનીટેક કચ્છ(રાજકોટ) અને પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન વચ્ચે સેમી ફાઇનલ મેચ રમાયો. જેમાં પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન અને અમદાવાદની બ્રધર્સ વચ્ચે રમાયેલ સેમી ફાઇનલમાં વિશ્વકર્મા ઇલેવન અને બ્રધર ઇલેવન વિજેતા થતા આ બંને ટીમો ફાઇનલ સ્પર્ધામાં પહોંચી.

૬ જુનના રોજ યોજાયેલ ફાઇનલ મેચમાં મુખ્ય મહેમાન તરીકે ભુતપૂર્વ ભારતીય ક્રિકેટર રાજકોટના કરશન ઘાવરી ઉપસ્થિત રહયા હતા. તેઓનું આગમ ફુલડે વધાવાયા બાદ તેઓની બંને ટીમોની ઓળખવિધી કરાવવામાં આવી હતી. ગજ્જર સ્પોર્ટસ કલબના પ્રમુખ યોગીન છનિયારા, શ્રી અમુભાઇ ભારદીયા વગેરે સાથે રહયા હતા. ઓળખવિધિ બાદ બંને ટીમના કેપ્ટન વિશ્વકર્મા ઇલેવનના ધરમ કથ્રેચા, અને બ્રધર ઇલેવનના રીકુંની ઉપસ્થિતિમાં કરસન ઘાવરીએ ટોસ ઉછાળ્યો હતો. જેમાં વિશ્વકર્મા ઇલેવનના કેપ્ટન વિજેતા થતા તેમણે બ્રધર ઇલેવનને બેટીંગ આપી પોતે ફિલ્ડીંગ પસંદ કરી હતી.

આઇપીએલ જેવા માહોલમાં સાદી ભાઇઓના અવનવા કરતબોની વચ્ચે રમાયેલ ફાઇનલમાં પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન વિજેતા થઇ હતી અને બ્રધર ઇલેવન રનર્સ અપ જાહેર થઇ હતી.

ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભરચક્ક હાજરી અને અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ ટ્રોફી વિતરણ સમારોહમાં ચેમ્પિયન ટીમ વિશ્વકર્મા ઇલેવનના કેપ્ટન ધરમ કથ્રેચાને શ્રી કરશન ઘાવરી, ઉર્મીબેન ખંભાયતાના હસ્તે અપાઇ. ઉત્પલાબેન જાદવાણી, કિશોરભાઇ જાદવાણી, કિશોરભાઇ ખંભાયતા (ડુનેક્ષ) સાથે રહયા હતા.

જયારે રનર્સ અપ ટીમના કેપ્ટન રીંકુ ગજ્જરને શ્રી અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા, અમદાવાદના શાંતિભાઇ ખોડદીયા અને પ્રદીપભાઇ વાલંભીયા અને તુલસીભાઇ સોનીગરાના હસ્તે અપાઇ.

આ પ્રસંગે જાહેર થયેલા મેન ઓ ધ મેચ ટ્રોફી હાર્દિક ધારૈયાને પૂર્વ રણજી ટ્રોફી પ્લેયર રાજુ બદીયાણી અને અનિલ ઠકરારના હસ્તે બેસ્ટ બેટસમેન, બેસ્ટ ફિલ્ડ અને મેન ઓફ ધ સીરીઝ ભાવેશ મિસ્ત્રીને સીએમ મોટર્સના ભરતભાઇ કયાળાના હસ્તે, બેસ્ટ ફીલ્ડરની ટ્રોફી મુંબઇ ગુ.સુ. સમાજના હસમુખભાઇ કરગથરા, હર્ષદભાઇ ઘોરેચા અને રાજુભાઇ પંચાસરાના હસ્તે તેમજ બેસ્ટ બોલર જીજ્ઞેશને મશીન ટુલ્સ એસોસીએશનના તેજસ દુદકીયા, કનકસિંહ ગોહીલ, હરેશ પટેલ અને હરેશ ડોડીયાના હસ્તે, બેસ્ટ કેચ-સાધુ સમાજના અગ્રણી ચેતનભાઇ ગોંડલીયા, ઇકવીટી મોટર્સના વિવેક તલસાણીયાના હસ્તે તેમજ બેસ્ટ બેટસમેન ટ્રોફી પૂર્વ ડીવાયએસપી બી.કે. જાડેજા, અને ડીવાયએસપી જીગરભાઇ મેવાડાના હસ્તે ટ્રોફી એનાયત થઇ હતી.

ગજ્જર સ્પોર્ટસ કલબને ૨૫ વર્ષથી સાથ આપનાર







રેસકોર્સ કલબના સભ્યોને મોમેન્ટો આપી કરશન ઘાવરીએ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે ગજજર એન્ડ ગજજર ઇલેવન દ્વારા ૧૯૯૮ની ટ્રોફી તેજ ટીમના સભ્યોએ મળીને ગજજર સ્પોર્ટસ કલબના પ્રમુખ યોગીન છનિયારાને મોમેન્ટો તરીકે આપી જયારે લાઠી ઈલેવનના દેવાંગ ગજજર દ્વારા ગજજર સ્પોર્ટસ કલબને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

આ ટુર્નામેન્ટને સહયોગ આપનાર ડેલ્ટા કોર્પોરેશન હિમાંશુભાઈ બામરોલીયા, ગિરધરભાઈ આમરાણીયા, સીએમ મોટર્સના ભરતભાઈ કિયાડા, ઇન્દ્રેશભાઈ, એન્જલ હાર્ડવેરના હરેશભાઈ ભૂત, કિરીટભાઈ ભૂત, પનાસલીવીંગ યુગભાઈ મલિક, મહા કોલ પ્રવીણભાઈ ઠેસીયા, વેંકટેશ્વર કાફે, પટેલ હાર્ડવેરના જસ્મીનભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, એમ્સ ડિઝાઇનિંગ યુનિટના દેવાંગભાઈ જાની, પૂર્વેશભાઈ ભારતીય, રવિ ટેક્નો ફોર્જ પ્રાઈવેટ લિમિટેડ અમુભાઈ ભારદિયા, સીફકો એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ જગુભાઈ ભારદિયા, રીનોલ્ટ મોટર્સ અને ઈક્વિટી મોટર્સના પ્રદ્યુમનભાઈ તલસાણીયા અને વિજયભાઈ તલસાણીયા, યુ ટર્ન ઓપ્ટિકલ મોલના ઉમેશભાઈ શેઠ, વિશ્વકર્મા એફઆરપી ઇન્ડસ્ટ્રીઝના વિરલભાઇ વડગામા, કરગથરા પરિવારના અરવિંદભાઈ, ચંદ્રકાંતભાઈ, કિશોરભાઈ, મુકેશભાઈ, યોગેશભાઈ, અને જયદીપભાઇ કરગથરા અને પાણીનો સહયોગ આપનાર સાવનભાઈ વડગામા, ટ્રોફીનો સહયોગ આપનાર હર્ષદભાઈ ખંભાયતા પરિવારના હાર્દિકભાઈ ખંભાયતાનો સમાવેશ થાય છે. જેનો ગજજર સ્પોર્ટસ કલબે આભાર માન્યો હતો.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા ગજ્જર સ્પોર્ટ્સ કલબના કારોબારી સમિતિના યોગીન છનિયારા, કલ્પેશ સંચાણિયા, અરવિંદભાઈ ગજ્જરની આગેવાનીમાં ધર્મેશ છનિયારા, દેવાંગ ગજ્જર, દેવ ગજ્જર, નેહલ પીલોજપરા, વિપુલ તલસાણીયા, હાર્દિક ખંભાયતા, ખુશાલ મેમદાવાદિયા, પરેશભાઈ સુરેલીયા, પિયુષભાઈ અઘારા, મુકેશભાઈ પંચાસરા, મુકેશ કરગથરા, વિપુલ અખીયાણીયા, મનીષ દસાડીયા, ચંદ્રેશ વિસાવડીયા, દેવેન્દ્ર ભદ્રકીયા, ભાવેશ ભદ્રકિયા, ગિરીશ વડગામા, સંજય કથ્રેચા, દીપેશ સાંકળેચા, દિલીપ પીલોજપરા, અલ્પેશભાઈ ખંભાયતા, નવીનભાઈ પાટડીયા, અશોકભાઈ અઘેરા, દિપકભાઈ કરગથરા, હિરેનભાઈ કલોલિયા, વિશાલભાઈ કલોલિયા, મનીષભાઈ વિસાવડીયા, સંદીપભાઈ સાંકળેચા, અમિતભાઈ બાવડેચા, બકુલભાઇ ગોવિંદીયા, કિશનભાઇ ઘોરેચા, સાવનભાઈ વડગામા, જયદીપભાઈ કરગથરા, અશોકભાઈ ભાલારા, દીપકભાઈ ભારદીયા, પ્રકાશભાઈ ભારદીયા, શૈલેષભાઈ ખંભાયતા, અનિલભાઈ ખંભાયતાએ જહેમત ઉઠાવી હતી

- ફાઈનલમાં ભૂતપૂર્વ રાષ્ટ્રીય ક્રિકેટર કરશન ઘાવરીની ખાસ ઉપસ્થિતિ
- આઈપીએલ જેવા માહોલમાં આંજી નાખે તેવું આયોજન

સમગ્ર ટુર્નામેન્ટમાં મહેમાનો તરીકે અમુભાઈ ભારદીયા, જગુભાઈ ભારદીયા રવિ ટેક્નોફોર્જ પ્રાઈવેટ લિમિટેડ, શ્રી વલ્લભભાઈ દુધૈયા(નાયરોબી-આફ્રિકા), વિનુ-ભાઈ ગજ્જર (વિણા એન્જિનિયરિંગ) મગનભાઈ બોરાણીયા, અરવિંદભાઈ કરગથરા, કિશોરભાઈ કરગથરા, દિપાલીબેન પંડ્યા, બાલભવન ટેલિસ્કોચ વળતરના કોર્પોરેટર પંકજભાઈ લુણાગરિયા, મોહિતસિંહ જાડેજા, ભાજપના કોર્પોરેટરો રાજુભાઈ અઘેરા, કિરણબેન માકડીયા, રાજદીપસિંહ જાડેજા વાવડી, બાર એસોસિએશન પ્રમુખ પરેશભાઈ મારુ, એડવોકેટ હિરેનભાઈ ગજ્જર, અમદાવાદ ગુજ્જર સુથાર જ્ઞાતિના શાંતિભાઈ ખોડદિયા, તુલસીદાસ સોનિગરા આણંદ વલ્લભ વિદ્યાનગરના પધારેલા ગુર્જર સુથાર જ્ઞાતિના પ્રકાશભાઈ ધોળકિયા, દારેસલામથી પધારેલા હિતેશભાઈ કલોલીયા, જયેશભાઈ મહેમદાવાદીયા ભગવાનજીભાઈ ભાડેસીયા, ધર્મયુભાઈ ખંભાયતા,









લલીતભાઈ અંબાસણા, વિજયભાઈ ધ્રાંગધરીયા રોકવેલ ઈન્ડસ્ટ્રીઝ, વિશ્વકર્મા ધૂન મંડળ, પ્રગતિ મંડળના પ્રમુખ રમેશભાઈ સોનગરા તથા કારોબારી સમિતિ, પીલુભાઇ સીતાપરા, જયભાઈ તલસાણીયા, મુકેશભાઈ પટેલ ક્રિષ્ના સ્ટીલ, જીતુભાઈ પટેલ એક્યુરેટ ઓફસેટ, શ્યામભાઈ ત્રિવેદી નેશનલ હોકી પ્લેયર, મહેશભાઈ દિવેચા હોકી રાજકોટ સેક્રેટરી, રેસકોસ ક્લબના દીપકભાઈ સાપરિયા, વિનુભાઈ પરમાર, કેતનભાઇ સાપરિયા, ઝીણુંભાઈ ગોહિલ, દિલીપસિંહ જાડેજા, પીન્ટુભાઇ વાડેશિયા કુમાર મોટર ગેરેજ, રોયલ ગ્રુપના હિમાલય રાણા-આશાબેન રાણા, સાધુ સમાજના અગ્રણી ચેતનભાઇ ગોંડલીયા મિલનભાઈ હરિયાણી, ગુર્જર સુથાર જ્ઞાતિ ગાંધીધામથી પધારેલા હરેશભાઈ ભારદીયા, મુંબઈથી વિશ્વકર્મા બાગના ટ્રસ્ટી પરેશભાઈ અનોવાડીયા, સુપ્રીમ કોર્ટ એડવોકેટ દિલ્હીના ઉદ્દેશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ વિશ્વકર્મા સમાજ અગ્રણી હરેશભાઈ ગજ્જર, રમણીકભાઈ પાટણવાડીયા, નલીનભાઈ ગંગાજળિયા, પડધરીના કિશોરભાઈ બકરાણીયા, મુકેશભાઈ કલોલીયા, રામભાઈ બકરાણીયા, પૂર્વ રણજી પ્લેયરો અનિલભાઈ ઠકરાર, કમલેશભાઈ મકવાણા, રાજુભાઈ પ્રવિણસિંહ ચુડાસમા, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના અને સૂર્યકાંત હોટલના માલિક ભુપતભાઈ તલાટીયા, યુટર્ન ઓપ્ટિકલ મોલના ઉમેશભાઈ શેઠ, પ્રગતિ મંડળના રમેશભાઇ સોનીગરા, રમણીક પાટણવાડીયા, ગોપાલભાઇ ખંભાયતા, વિમલ સોંડાગર, રમેશભાઇ પાટણવાડીયા, મુકેશભાઇ ઉછડીયા અને શૈલેષભાઇ માંડવીયા વગેરે ઉપસ્થિત રહયા હતા.

**■ ગામ પરગામના મહેમાનોનું શાહી સ્વાગત સાથે ભોજન : ટીમો માટે ખાસ ભોજન સહિતની વ્યવસ્થા**



# રાજકોટના ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા યોજાઇ શ્રી પંચમુખી વિશ્વકર્મા મહાપુરાણ કથા

● અરવિંદભાઇ ગજજર




## ગૌ સેવાના લાભાર્થે અધ્યક્ષ અરવિંદભાઇ ગજજર અને તેની ટીમનું અદકેરૂ આયોજન

રાજકોટ ગુ. સુ. પ્રગતિ મંડળ દ્વારા તા. ૧૮/૫ થી ૨૪/૫ દરમ્યાન શ્રી પંચમુખી વિશ્વકર્મા પુરાણ જ્ઞાનયજ્ઞનું ભકિતસભર વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

પ્રથમ દિને ગીતાનગરના ગીતામંદિરેથી નીકળેલ પોથીયાત્રા ધામધુમથી વિશ્વકર્મા ધામમાં પહોંચી હતી. બાદમાં કથાનો પ્રારંભ થયો હતો. કથાકારે ધર્મ, માનવના સિદ્ધાંતો સમજાવ્યા હતા. દરરોજ વિવિધ ઉત્સવો ઉજવાયા જેમાં વિશ્વકર્મા પ્રાગટય, કૃષ્ણ મહોત્સવ, મા રાંદલ પ્રાગટય, વિશ્વકર્મા અને પાંચ પુત્રોની પધરામણી અને સુર્યનારાયણ અને ભગવતી રાંદલના વિચાર જેવા પ્રસંગો ધામધુમથી ઉજવાયા, છેલ્લા બે દિવસ જ્ઞાન ભકિત રસ કથા વાંચન થયું. વિરામના દિવસે નારાયણ યજ્ઞ યોજાયા બાદ સાંજે કથા વિરામ થયો. સાત દિવસ દરમ્યાન ૬૭૪૫ લોકોએ પ્રસાદ લીધો.

જ્ઞાનયજ્ઞ દરમ્યાન તા. ૧૮/૦૫/૨૦૨૬ ને સોમવારના રોજ પહેલા દિવસે ગીતાનગરમાં આવેલ ગીતા મંદિરથી ધામધુમથી પોથીયાત્રા વિશાળ સખ્યામાં ભાઈઓ અને બહેનો હાજર રહી ઢોલ, ત્રાંસા, શરણાઈ સાથે પોથીજી કથા મંડપ વિશ્વકર્માધામમાં પધરાવવામાં આવેલ અને ત્યારબાદ આરતી પુજન સાથે વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાની શુભ શરૂઆત થયેલ. આ જ્ઞાનયજ્ઞ દરમ્યાન પૂજય કથાકારશ્રીએ શ્રી વિશ્વકર્મા ભગવાનના દિવ્ય ચરીત્રો, વેદ-પુરાણમાં દશાવિલ ધર્મના સિધ્ધાંતો, માનવ જીવનમાં સંસ્કારોનુ મહત્વ, કર્મયોગ, ભકિતભાવ,





# સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતના સમાજના આગેવાનોની ઉપસ્થિતિ




પારિવારીક મુલ્યો અને સમાજની એકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ. કથાના વિવિધ પ્રસંગોએ શ્રોતાઓને ભાવવિભોર બનાવી દીધા હતા અને સૌએ આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ કર્યો હતો. કથાના બીજા દિવસે વિશ્વકર્મા પ્રાગટય મહોત્સવ વિશાળ ભાવિક ભક્તોની હાજરીમાં ઉજવવામાં આવેલ તેમજ ત્રીજા દિવસે શ્રી કૃષ્ણ મહોત્સવની ઉજવણી કરવામાં આવી કથાના ચોથા દિવસે શ્રી ભગવતી રાંદલમાતા પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. તેમજ કથાના પાંચમાં દિવસે વિશ્વકર્મા અને તેમના પાંચ પુત્ર સાથે પધરામણી અને શ્રી સુર્યનારાયણ અને ભગવતીશ્રી રાંદલમાતાજીના વિવાહ ઉત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવેલ. કથાના છઠ્ઠા અને સાતમાં દિવસે જ્ઞાન ભકિતરસ કથાનું વાંચન કરવામાં આવેલ અને કથા વિરામના દિવસે સવારે નારાયણયજ્ઞનુ આયોજન કરવામાં આવેલ અને સાંજે કથા વિરામ થયેલ. તા. ૧૮/૦૫/૨૦૨૬ સોમવારથી તા. ૨૪/૦૫/૨૦૨૬ રવિવાર સુધી સાત દિવસ સુધી ૬૭૪૫ ભાવિકજનોએ ભોજન પ્રસાદનો લાભ લીધેલ. આ જ્ઞાનયજ્ઞ દરમ્યાનઆ ભક્તિભાવ પૂર્ણ વાતાવરણમાં ગૌ















# સપ્તાહ દરમ્યાન વિવિધ ઉત્સવોની ઐતિહાસિક ઉજવણી








સેવાના લાભાર્થે રંગેચંગે ભકિત ભાવપૂર્ણ સૌએ આ જ્ઞાનયજ્ઞ રસપાન કરેલ.

આ જ્ઞાનયજ્ઞમાં રાજકોટ શહેરના પ્રતિષ્ઠીત જ્ઞાતિજનો હાજર રહેલ તેમજ અમદાવાદ, વીરમગામ, સુરેન્દ્રનગર, લીંબડી, ગોંડલ, કાલાવડ, ધોરાજી, જામકંડોરણા, જુનાગઢ, કેશોદ, ઉના, બગસરા, ગીર સોમનાથ,જેતપુર, પડધરી, વડોદરા, નવસારી, આણંદ, અમરેલી, કુકાવાવ, ધારી, મહુવા વિગેરે સંસ્થાઓના જ્ઞાતિ આગેવાનો અને હોદેદારો તથા લણવાથી પાટણવાડા મેવાડા સુથારના આગેવાનોએ વિશાળ સંખ્યામાં હાજર આપી શ્રી વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞનો લાભ લીધેલ તેમજ ગજજર હિતેચ્છુ પરીવાર, રાજકોટના શ્રી યોગીનભાઈ છનીયારા તથા તેમના સાથી કાર્યકર્તા ભાઈઓ તથા બહેનોએ ભકિતભાવ સાથે તન-મન-ધનથી કથા દરમ્યાન પૂર્ણ સહયોગ કરેલ.



જ્ઞાનયજ્ઞ દરમ્યાન સમાજના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકો ઉત્સાહજનક રીતે સહભાગી રહ્યા હતા. સમાજમાં ધાર્મિક જાગૃતિ સાથે સંગઠનભાવ મજબુત બને તેવા અનેક પ્રસંગોનુ આયોજન કરવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા વ્યવસ્થાની સુંદર જવાબદારી નિભાવવામાં આવી હતી.

જ્ઞાનયજ્ઞ દરમ્યાન રાજકોટ શહેર અને બહારગામથી પધારેલ જ્ઞાતિ આગેવાનો તેમજ સર્વ દાતાશ્રીઓ, યજમાન પરિવારો, કાર્યકર્તાઓ ભાઈઓ અને બહેનોને ખેસ અને શીલ્ડ આપી સન્માનીત કરાવમાં આવેલ હતા અને કથામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનો હદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો સાથે જ ભષ્યિમાં પણ સમાજને ધાર્મિક, શૈક્ષણિક અને સામાજીક વિકાસ માટે આવા કાર્યક્રમો યોજાતા રહેશે તેવી પ્રતિબધ્ના વ્યકત કરવામાં આવી હતી. શ્રી ગુર્જર સુતાર પ્રગતિ







મંડળ, રાજકોટ દ્વારા આયોજીત આ શ્રી વિશ્વછકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞ માત્ર ધાર્મિક કાર્યક્રમ જ નહી પરંતુ સમગ્ર સમાજને એકતા, સંસ્કાર, સેવા અને સમર્પણના સુત્રમાં બાંધતો એક યાદગાર અને પ્રેરણાદાયી મહોત્સવ સાબિત થયો.




આ કથાના આયોજન માટે જુદી જુદી સમિતિઓમાં કાર્યાલય સમિતિ, આયોજન સમિતિ, રસોડા સમિતિ, ભોજન વ્યવસ્થા સમિતી, ખરીદ સમિતી, કથા મંડપ વ્યવસ્થા સમિતી, જલ, શરબત, આઈસ્ક્રીમ વ્યવસ્થા સમિતી, પાર્કિંગ વ્યવસ્થા સમિતી, મહેમાનોના સ્વાગત સમિતી, સન્માન સમિતી, કથાકારશ્રી અને ભુદેવના ઉતારા ભોજન વ્યવસ્થા સમિતી,બેનર વ્યવસ્થા સમિતી, આમંત્રણ ટપાલ વ્યવસ્થતા સમિતી અને ઈમરજન્સી વ્યવસ્થા સમીતીની રચના કરવામાં આવેલ હતી આ તમામ સમિતીઓમાં આયોજન વ્યવસ્થા સમિતીમાં અધ્યક્ષશ્રી અરવિંદભાઈ સોંડાગર, પ્રમુખશ્રી રમેશભાઈ સોનીગરા, મંત્રી શ્રી રમણીકભાઈ પાટણવાડીયાએ સફળતા પૂર્વક આયોજન સંભાળેલ ઉપરાંત ઉપાધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઝીંઝુવાડીયા, તથા ટ્રસ્ટીશ્રીઓ, અરવિંદભાઈ ગંગાજળીયા, મથુરભાઈ પાટણવાડીયા, જગદીશભાઈ સોડાગર, રસીકભાઈ વાઘસણા, જનકભાઈ ઉજેણીયા, શૈલેષભાઈ ખંભાયતા, દલપતભાઈ ધારૈયા, મુકેશભાઈ ઉછડીયા તથા ખજાનચી શ્રી વિમલભાઈ સોંડાગર, ઉપપ્રમુખ શ્રી પ્રફુલભાઈ કરશાળા, ગોપાલભાઈ ખંભાયતા,સહ ખજાનચી નલીનભાઈ ગંગાજળીયા, સહમંત્રી નીતીનભાઈ બકરાણીયા તથા કારોબારી સભ્યો શ્રી શૈલેષભાઈ માંડવીયા, રમેશભાઈ પાટણવાડીયા, દિપકભાઈ ચંદવાણીયા, જીતેન્દ્રભાઈ ધારૈયા, વિનોદભાઈ ધારૈયા, મુકેશભાઈ ઉછડીયા, તુષારભાઈ સોંડાગર, હિતેષભાઈ માંડવીયા, રોહિતભાઈ સોંડાગર, અલ્પેશભાઈ ખંભાયતા, પ્રશાંતભાઈ સોનીગરા,દિપેશભાઈ મોડાસીયા, સાવનભાઈ સોંડાગરએ જહેમત ઉઠાવેલ હતી.

તેમજ યુવા કાર્યકતાઓ, સત્સંગ ગૃપના તમામ બહેનોએ તન મન ધન સાથે યોગદાન આપી ગૌસેવાના લાભાર્થે યોજાયેલ જ્ઞાનયજ્ઞ કથામાં સેવા કામગીરી સંભાળેલ.





# સુરેન્દ્રનગરનો મનન ગજજર તબિબિ ક્ષેત્રે આગળ વધશે

જાણીતા નાટયવિદ, લેખક અને વકતા સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજજર અને રૂપલબેનના નાના પુત્ર મનને સુરેન્દ્રનગરની દર્શન વિદ્યાલયમાં અભ્યાસ કરીને એચએસસીમાં ૯૨ ટકા મેળવવાની સિદ્ધિ હાંસલ કરી પરિવારનું ગૌરવ વધાર્યું છે. મનની ઇચ્છા મેડીકલ ક્ષેત્રમાં જઇને ડોકટર બનવાની છે. એમબીબીએસ કે બીએએમએસ કરીને સમાજ સેવા કરવાનું લક્ષ્ય ધરાવતા મનન સારો કલાકાર પણ છે. કોરોના સમયમાં બનાવાયેલ ૩ ટુંકી ફિલ્મમાં તેણે અભિનય કર્યો હતો. તેના પિતા દિનેશ ગજજરે લખેલ સ્ક્રીપ્ટ પરથી 'મારો પ્રયોગ' એ નામની ૨ મિનિટની ફિલ્મ માટે ગુજરાત સરકાર તરફથી રૂા. ૫૦,૦૦૦નું ઇનામ પણ મનન મેળવી ચુકયો છે.



સુરેન્દ્રનગરમાં વલ્લભભાઇ પટેલ વિદ્યાલયનું મેનેજમેન્ટ સંભાળવાની સાથે કલા-કારીગરી અને કૌશલ્યનો વારસો ઉજાગર કરતા રહેલા દિનેશભાઇ ગજજરે તેના સંતાનોને પણ આ વારસો આપતા રહયા છે. દિનેશભાઇનો મોટો પુત્ર રવિ ગજજર સીનેમેટોગ્રાફર છે. અને આ ક્ષેત્રે નામના કમાઇ રહયો છે. મનન ડોકટર બને તેવી શુભેચ્છા.

# રાજકોટની પરી ઝીંઝુવાડીયાને HSCમાં ૯૨.૧૩ PR : CA બનશે




રાજકોટમાં પુજારા પ્લોટમાં રહેતા સ્વ. હિતેશભાઇ અને કિરણબેનની પુત્રી પરી ઝીંઝુવાડીયાએ કડવીબાઇ વીરાણી હાઇસ્કુલમાંથી અભ્યાસ કરીને એચએસસીમાં ૯૨.૧૩ પીઆર મેળવીને સમાજમાં ગૌરવ મેળવ્યું છે. પરીનું લક્ષ્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું છે અને આ માટે કુંડલીયા કોલેજમાં પ્રવેશ મેળવવાની સાથોસાથ જે.કે. શાહમાં સી.એ.નું રજીસ્ટ્રેશન પણ કરાવ્યું છે.

કિરણબેનની મોટી દીકરી નિયતિએ પણ કમ્પ્યુટરમાં ડીપ્લોમા કર્યું છે અને હાલમાં ડીઝયાગમા ગ્રાફીક ડીઝાઇનર તરીકે કામગીરી કરી રહી છે.

ભાઇજી મહેન્દ્રભાઇ ઝીંઝુવાડીયા (નિવૃત્ત ઓફીસર) સાથે રહેતા આ પરિવારની બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષિત બનાવી તે અન્ય માટે પ્રેરણારૂપ છે.

# રાજકોટનો કરણ પીસાવડીયા CA બનશે : HSCમાં ૯૨ PR



રાજકોટના રામનગરમાં રહેતા અને ગીફટ આર્ટીકલનું કામકાજ કરતા મનોજભાઇ પીસાવડીયા અને હીનાબેન પીસાવડીયાના પુત્ર કરણ પીસાવડીયાએ ધોળકીયા સ્કુલમાં અભ્યાસ કરીને એચએસસીમાં ૯૨.૮૬ પીઆર મેળવી અને પરિવારનું સમાજમાં ગૌરવ વધાર્યું છે.

કરણને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવું છે. આ માટે ઓમ કોલેજમાં બી.કોમ. એકસટર્નલ કરવાની સાથે ચાર્ટર્ડ એકાઉન્ટનો અભ્યાસ કરશે કરણને રાસ-ગરબાનો શોખ છે અને છેલ્લા ૮ વર્ષથી પ્રિન્સનો તાજ પહેરતો આવ્યો છે. કરણ સીએ બને તેવી શુભેચ્છા.

# ક્રિકેટ અમ્પાયર તરીકે ૧-૨માં તરૂણ આહલપરા ઉત્તીર્ણ








૧૦૦૦ હજાર ક્રિકેટ મેચમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, વલ્લભવિદ્યાનગર, મુંબઇ વ. શહેરોમાં વર્ષ ૨૦૦૬થી ૨૦૨૬ સુધી ખુબ જ સફળતાપૂર્વક ક્રિકેટ મેચમાં અમ્પાયરીંગ કરનાર તરૂણ નટવરભાઇ આહલપરા રાજકોટની વિરાણી હાઇસ્કુલના વિદ્યાર્થી છે. ૨૦ વર્ષથી અમદાવાદ ખાતે તેઓ હોસ્પિટલ મેનેજમેન્ટ સંભાળે છે. ઉપરાંત ગુજરાતી ફિલ્મોમાં અભિનય આપે છે અને ઉભરતા લેખક પણ છે.

હાલમાં સાઉથ આફ્રિકા એસોસીએશનની અમ્પાયર લેવલ ૧/૨ની પરીક્ષામાં ખુબ જ સફળતાપૂર્વક પાસ થયા છે અને લેવલ-૩ની પરીક્ષાની તૈયારી કરી રહયા છે.

ભારતના વિખ્યાત અમ્પાયર વેંકટ રાઘવન, જસબીરસિંઘ અને હાન્ડુએ તરૂણ આહલપરાને સારી એવી ટ્રેનીંગ આપી છે. રાજકોટ ખંઢેરી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં એસસીએ સેમીનારમાં ૨૦૧૫માં પરીક્ષા પાસ કરી. વકતા શ્રી નિરંજનભાઇ શાહ, શ્રી અમીષ સાહેબા હતા.

૨૦૨૫માં આઇપીસીએલ ક્રિકેટ ટુર્નામેન્ટ અમદાવાદ ખાતે હતી જેમાં મુખ્ય અમ્પાયર તરીકે તરૂણ આહલપરા હતા. પાર્થિવ પટેલ, નયન મોગિયા, વિરાટ કોહલી વ. દિગ્ગજ ક્રિકેટરો સાથે પણ તરૂણ આહલપરાને રહેવાનું સૌભાગ્ય મળ્યું છે.

આ ઉપરાંત કોર્પોરેટ ટુર્નામેન્ટ, ડોકટર્સ ટુર્નામેન્ટ, અમદાવાદ આપણા સમાજની શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ, નવાવાડજ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ક્રિકેટ મેચમાં અમ્પાયર તરીકે તરૂણ આહલપરા માર્ગદર્શન આપી રહયા છે.


## અમદાવાદના હર્ષ વડગામાને સિવિલ એન્જિનિયર બનવું છે




અમદાવાદમાં ચાંદલોડીયામાં રહેતા અને ફર્નીચરનો વ્યવસાય કરતા હિતેષભાઇ વડગામા અને રીનાબેનના પુત્ર હર્ષએ એચએસસીમાં ૯૦.૪૬ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. હર્ષની ઇચ્છા સિવિલ ઇજનેર બનવાની છે. આ માટે પ્રવેશ મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

હર્ષ વડગામા સિવિલ એન્જિનિયર બને તેવી શુભેચ્છા.

## નેન્સી પનારા ઉચ્ચ અભ્યાસ સાથે શિક્ષિકાનો રોલ ભજવે છે



જામખંભાળીયા રહેતી અને રાજકોટમાં રહેની અભ્યાસ કરતી નેન્સી અશ્વિનભાઇ પનારાએ બીસીએ ફર્સ્ટ સેમીસ્ટરમાં ૮૧ ટકા માર્ક મેળવ્યા છે.

ખંભાળીયામાં ચાર રસ્તા પાસે પનારા એન્જિ. નામથી વ્યવસાય કરતા અશ્વિનભાઇ અને શ્વેતાબેનની પુત્રીએ જામખંભાળીયામા અભ્યાસ કર્યા બાદ રાજકોટની કે.જી. ધોળકીયામાં અભ્યાસ કર્યો. એચએસસીમાં ૯૩ પીઆર મેળવ્યા બાદ તે એમ.જે. કુંડલીયા કોલેજમાં અભ્યાસ કરવાની સાથે ગોપાલનગરમાં આવેલ સરસ્વતી સ્કુલમાં પ્રાયમરી ટીચર્સની જોબ રકે છે. ગેલેકસી ગર્લ્સ હોસ્ટેલમાં રહીને નેન્સી અભ્યાસની સાથે જોબ પણ કરી રહી છે.

# ગજજર સખી વૃંદ દ્વારા યોજાયો શૌર્ય સપુતોનો સન્માન સમારંભ

## દેશમાં આવો કાર્યક્રમનો વિચાર બહેનોને આવ્યો તે ગૌરવની વાત છે : ડો. જયંતીભાઇ ભાડેશીયા

• પ્રવીણ ગજજર







રાજકોટમાં બહેનોના સર્વાંગી વિકાસ માટે કામ કરતી બહેનોની સંસ્થા ગજજર સખી વૃંદ દ્વારા વર્ષભર વિવિધ કાર્યક્રમોની હારમાળા સર્જે છે. પરંતુ વર્ષમાં એક વિશેષ ગૌરવવંતા કાર્યક્રમનું આયોજન કરે છે. જેના ભાગરૂપે ગજજર સખી વૃંદ દ્વારા જેઓ પોતાના જાનની જોખમ કર્યા વગર દેશ સેવા કરી રહયા છે અથવા કરી ચુકયા છે. તેવા ગજજર શૌર્ય સપુત સન્માનનો એક કાર્યક્રમ તા. ૩૧/૫/૨૬ને રવિવારના રોજ કરવામાં આવ્યો હતો. ભારતીય માતાનું ગૌરવ વધે, તેમજ સમાજને રાષ્ટ્રપ્રેમની ભાવના સાકાર થાય તેહું પૂર્વક યોજાયેલા કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે મોરબીની ભાડેશીયા હોસ્પિટલના ડો. જયંતીભાઇ ભાડેશીયા જેઓ આરએસએસના પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક પણ છે. આ ઉપરાંત ડો. પૂર્ણિમાબેન ભાડેશીયા તેમજ મુંબઇ શ્રી વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી જયંતભાઇ જોલાપરા તેમના પત્ની વસંતબેન જોલાપરા ઉપસ્થિત રહયા હતા. દેશપ્રેમથી રંગાયેલા અને રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બને તેવા ત્રિરંગી ડેકોરેશનથી સજજ માહોલમાં દાતાઓના હસ્તે શીલ્ડ, ૪૦ ગ્રામ ચાંદીની ગીની અને બહેનોએ જાતે બનાવેલ પુષ્પ ગુચ્છની ફ્રેઇમ, એવુ મારૂ મન પુસ્તક અને રોકડ રકમના કવરથી શૌર્ય સપુતોનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે વંદેમાતરમ અને ભારત માતા કી જયના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

ત્રિરંગાના ધ્વજથી સજજ બહેનોની હારમાળા વચ્ચેથી મુખ્ય મહેમાનો સૌર્ય સપુતોનું સ્ટેજ સુધી આગમન થયા બાદ શરૂ થયેલા પ્રારંભમાં ગજજર સખી વૃંદના પ્રમુખ વર્ષાબેન રાણપરાએ સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની પૂર્વ ભૂમિકા બાંધી કાર્યક્રમનો હેતુ સમજાવી સૌનુ સ્વાગત કર્યું હતું.

સ્વાગત બાદ રીમોટ કન્ટ્રોલ દ્વારા દીપ પ્રાગટય કરવામાં

## શૌર્ય સપુતોનું શીલ્ડ, ૪૦ ગ્રામ ચાંદીની ગીની, કેપ, હનુમાન ચાલીસ અને રોકડ પુરસ્કારથી સન્માનીત : શૌર્ય સપુતોએ વર્ણવી જીવનગાથા

# ધારાસભ્ય ડો. દર્શીતા શાહ, આરએમસીના સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય માધવી બકરાણીયા, સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિ





આવ્યું હતું. ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, મુખ્ય મહેમાનો, કેળવણી મંડળ તથા સમાજના આગેવાનો તેમજ વોર્ડ નં. ૧૩ની નગરસેવિકા માધવીબેન બદ્રકીયાની ઉપસ્થિતિમાં થયેલ દીપ પ્રાગટયની સાથે ગજજર સખીવૃંદના સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન જાદવાણીએ અને તેની ટીમની ઉપસ્થિતિમાં પ્રાર્થના ગીત રજુ કર્યું હતું ત્યારે ભકિતસભર વાતાવરણ સર્જાયું હતું.

શાબ્દીક સ્વાગત અને દીપ પ્રાગટય બાદ મંગલમ ગ્રુપના ઉત્પલાબેન જાદવાણી અને ઇલાબેન ગોવિંદીયાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ વંદેમાતરમ ગીત રજુ કરવામાં આવ્યું હતું. ત્યારે વાતાવરણ દેશપ્રેમથી છવાઇ ગયું હતું.

મુખ્ય મહમાને ડો. જયંતિભાઇ ભાડેશીયા અને પૂર્ણીમાબેન ભાડેશીયાનું સંસ્થાના સ્થાપક પ્રમુખ ઉત્પલાબેન  જાદવાણી અને કેળવણી મંડળના પૂર્વ અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણીએ અને મુંબઇના જયંતભાઇ જોલાપરા અને વસંતબેન જોલાપરાનું સન્માન ગજજર સખીવૃંદના પ્રમુખ વર્ષાબેન રાણપરીયા અને મંત્રી દીપા વડગામાએ કર્યું હતું. બંને મુખ્ય મહેમાનોનો પરિચય ડો. મયુરીબેન ત્રેટીયાએ આપ્યો હતો.

મુખ્ય મહેમાનોના પરિચય સન્માન બાદ દરેશ શૌર્ય સપુતોનો પરિચય આપવામાં આવ્યા બાદ દાતાઓના હસ્તે શૌર્ય સપુતોનું સન્માન કરાયું હતું. સખીવૃંદની બહેનો પણ સન્માનમાં જોડાઇ હતી.

શૌર્ય સપુતોનું સન્માન કરાયું તેમાં રાજકોટના અશ્વિનભાઇ મહેમાદાવાદીયા, ભરતભાઇ ભારદીયા, દિપેનભાઇ પી. બકરાણીયા(પોરબંદર), કર્નલ પ્રમોદભાઇ અંબાસણા (જામનગર), કિશોરભાઇ જાદવાણી, ગીરીશકુમાર એસ. આહલપરા (ભાવનગર), પરેશ અમૃતલાલ વડગામા, નીલેશભાઇ એન. ચાંદ્રા (જામનગર), સંજયકુમાર આર. બકરાણીયા, જીજ્ઞેશ એસ. દુધૈયા, જયદીપભાઇ એમ. ગજજરનો સમાવેશ થાય છે. આ શૌર્ય સપુતોનું સન્માન દાતાઓ જયુભાઇ અને આરતીબેન તલસાણિયા, કલ્પેશભાઇ અને કિરણબેન મહીધરીયા, હરેશભાઇ અને રશ્મીબેન ખંભાયતા, ગૌરાંગભાઇ અને દીપાબેન વડગામા, ઉત્પલાબેન અને કિશોરભાઇ જાદવાણી, રીતેશભાઇ અને દક્ષાબેન ધ્રાંગધરીયા, જીજ્ઞેશભાઇ બી. સંચાણીયા, જીજ્ઞેશ આર. સંચાણીયા, જયંતભાઇ અને વસંતબેન જોલાપરા, હિતેષભાઇ અને ધરા પંચાસરા (મુંબઇ), સુનીલભાઇ સીનરોજા (વતી ભારતીબેન અને કૃપલ સીનરોજા) વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

દરેક શૌર્ય સપુતોએ ઇતિહાસમાં સૌપ્રથમવાર આવો કાર્યક્રમ યોજવા બદલ ગજજર સખી વૃંદને અભિનંદન આપ્યા હતા. દરેક સપુતોએ પોતે સૈન્યમાં કઇ રીતે જોડાયા અને પ્રગતિ કરી તેની વાતો કરવાની સાથે લશ્કરમાં  જોડાવુ તે નોકરી નહીં પણ દેશ સેવા છે તેમ જણાવ્યું. દરેક સપુતોએ લશ્કરમાં પોતાને ભાગે આવેલ કામગીરીની વિગત આપી હતી.

મુખ્ય મહેમાન પદેથી ડો. જયંતીભાઇએ કહયું કે, દેશમાં ઘણી સંસ્થાઓ આવેલ છે પણ આવી રીતે શૌર્ય સપુતોનું સન્માન કરવાનો પ્રથમ વિચાર બહેનોની સંસ્થા ગજજર સખી વૃંદને આવ્યો જે બિરદાવવા લાયક છે. આ સન્માનથી સમાજના લોકોને લશ્કરમાં જોડાઇને દેશ સેવા કરવાની પ્રેરણા મળશે. તેમણે રાષ્ટ્રભાવના સભર ઉદબોધન આપ્યું હતું. સાથોસાથ આવા શૌર્ય સપુતોની જીવનગાથા ક્રમશઃ વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ કરવાનું સુચન કર્યુ હતું. જે કાર્યક્રમમાં ઉપસ્થિત વિશ્વકર્મા વિશ્વના તંત્રીએ સહજ સ્વીકાર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આગવી શૈલીમાં નટવરભાઇ આહલપરાએ કર્યું હતું. વિશાલ વડગામા, ડો. મયુરી ત્રેટીયા, માલતીબેન મેસવાણીયા અને સુરેન્દ્રનગરના દિનેશ ગજજરે શૌર્ય સપુતોનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમમાં સુથાર સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કેળવણી મંડળના અધ્યક્ષ મુકેશભાઇ પંચાસરા, તેમજ આગેવાનો અને રાજકોટ અને બહારગામના લોકો ઉપસ્થિત રહયા હતા.

# શિક્ષણમાં સંવેદના: A.I. નિઃસહાય બની ગયું

હસમુખ બોરાણિયા

શિક્ષણમાં સંવેદના મહત્વની છે. અત્યારે A. I. જેવી ટેકનોલોજી હોય, માહિતી આપી શકે; સંવેદના જગાવી શકે નહીં. વર્ગમાં કે ઘરમાં, કુટુંબમાં સ્નેહ, પ્રેમ, કરૂણા, ભાવ, સ્વીકારના વરસતા વરસાદમાં ભીંજાવાનું મળે. વર્ગમાં શિક્ષક- વિદ્યાર્થીઓને એકબીજા પ્રત્યે આદરભાવ પ્રગટે છે. A. I. એ આદરભાવ પ્રગટાવી શકે ખરૂં?

યાદ રહે,

* A. I. માગણી મુજબ માહિતી આપવામાં સફળ રહે, પણ લાગણી આપવામાં નિઃસહાય નીવડે એ સત્ય છે.

એક ઉદાહરણ જોઈએ:

ખુશ અને તેના મિત્રો વાતો કરતા હતા. એક પાઠમાં આવતા શબ્દ 'વહાલ'વિશે ચર્ચાઓ ચાલતી હતી.

આનંદ કહે, ''વહાલની વ્યાખ્યા શું?''

અનુપ કહે, ''વહાલ એટલે વહાલ, વળી એની વ્યાખ્યા શું?'' વળી થોડું વિચારીને કહે, ''A. I. ને પૂછીએ, અત્યારે એનો જમાનો છે, એની પાસે બધી માહિતી હોય.''

આનંદે મોબાઈલમાં A. I. ને પૂછ્યું. તો જવાબ મળ્યો - ''વહાલ એટલે પ્રેમ, ઊંડો સ્નેહ, વાત્સલ્ય, તે કોઈ વ્યક્તિ, વિચાર પ્રત્યેનો મજબૂત ભાવાત્મક સંબંધ છે. પ્રેમમાં કાળજી, સમર્પણ, અને સંવેદના હોય છે.''

આ જવાબ વાંચીને આનંદ અને અનુપને અનેક સવાલ થયા. ભાવાત્મક સંબંધ એ વળી શું?

ઊંડો સ્નેહ એટલે શું?

વાત્સલ્ય એટલે શું?

સમર્પણ એટલે શું?

સંવેદના એટલે શું?

A. I. ના જવાબથી માહિતી મળી, સંતોષના થયો.

અંતે ખુશ કહે, ''મારા દાદાજીને પૂછીએ, મારા દાદાજી નિવૃત્ત શિક્ષક છે.''


ત્રણેય ઉપડ્યા ખુશના દાદાજી પાસે. ખુશના દાદાજી ઘરની કોઢમાં હતા. ત્રણેય મિત્રો કોઢમાં દાખલ થયા ત્યારે જોયું તો, દાદાજી ગાયનાં વાછરડા પાસે બેસીને તેનાં શરીર પર હાથ ફેરવી રહ્યા હતા.

ખુશના મિત્રો આવ્યા, જાણીને દાદા બોલ્યા, ''આવો, આવો, દીકરાઓ.'' મીઠો આવકાર આપીને પછી વરંડામાં પાથરેલ ખાટલે બેસીને બોલ્યા, ''રમત રમવા આવી પહોંચ્યા છો?''

તો ખુશ કહે, ''દાદાજી, એક સવાલ છે. વહાલ એટલે શું?''

દાદાજીનું બોખું મોં હસી પડ્યું ને ખુશને, મિત્રોને બાજુમાં બેસાડી માથે હેતાળવો હાથ ફેરવીને બોલ્યા, ''આ મેં કર્યું, તે વહાલ કર્યું કહેવાય.''

મિત્રોએ દાદાજીને વાછરડાને વહાલ કરતા જોયા હતા. પોતાની સાથે દાદાજીએ કરેલો વ્યવહાર, માથે હાથ ફેરવીને કરેલો સ્પર્શ, એ દ્વારા અનુભવેલ ભાવાત્મક જોડાણ અનુભવી રહ્યા.



ખુશના મિત્રો ખુશ થઈ ગયા.

અનુભવનું જ્ઞાન, સ્પર્શનો પ્રેમ, શિક્ષણ A. I. આપી શકે ખરૂં?

બાળકોની માનસિક અવસ્થા, લાગણીઓ પારખીને A. I. જવાબ આપી શકે ખરૂં?

દાદાજીએ સમજાવ્યું, ''સામે જુઓ, ગાય તેનાં વાછરડાને જીભથી ચાટે છે, તે વહાલ કર્યું કહેવાય. જુઓ, સામે માળામાં રહેલી ચકલી તેનાં બચ્ચાંને ચાંચ વડે ખવડાવે છે, તેને વહાલ કહેવાય. તમને નાની- મોટી તકલીફ પડે ને તમારી મમ્મી માથે હાથ મૂકે ને એને વહાલ કહેવાય. ઘરમાં કોઈ વ્યક્તિ બીમાર હોય ત્યારે આપણે બીમાર વ્યક્તિની કાળજી લઈએ તેને લાગણી કહેવાય. આ લાગણી શું કામ થાય છે? ઘરની વ્યક્તિ સાથે પ્રેમ, વહાલ હોય એટલે. આપણું તે વ્યક્તિ સાથે ભાવાત્મક જોડાણ!

દાદાજીએ તો વહાલનું આખું વિશ્વ ખોલી બતાવ્યું.

વર્ગમાં કોઈ કાવ્ય કે વાર્તા વિશે શિક્ષક જે વાત કરે છે, તે વખતે શિક્ષક એક માહોલ ખડો કરે છે. તેના હાવભાવ, ઉચ્ચાર, આરોહ- અવરોહમાં વિદ્યાર્થીઓ જોડાય છે. એમાં વ્યક્ત થતી સંવેદના અનુભવે છે. શિક્ષક -વિદ્યાર્થીઓનું અનોખું જોડાણ રચાય છે. કાવ્યમાં વ્યક્ત થતા ભાવમાં વિદ્યાર્થીઓ એકાકાર બને છે. શિક્ષક હસે તો વિદ્યાર્થીઓ હસે છે, રડે તો રડે છે; વ્યાકુળ થાય તો વ્યાકુળતા અનુભવે છે.

આજે પણ વિદ્યાર્થીકાળમાં અનુભવેલ એ પળ યાદ આવે છે, એ શિક્ષકો યાદ આવે છે, અને મધુર અવાજે ગવાતાં એ કાવ્યો યાદ આવે છે.

કવિ કલાપીનું ''એક ઘા'' કાવ્ય યાદ આવે છે.

'તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો,
છૂટ્યો તે ને અરર! પડી ફાળ હૈયા મહીં તો!'

મંદાક્રાન્તા છંદમાં ગવાતું આ ઊર્મિકાવ્ય, શિક્ષકના મુખે ગવાતું હોય, કાવ્યનો ભાવ સમજાવતો હોય, પક્ષી પ્રત્યેની સંવેદના વ્યક્ત થતી હોય. ઘા કરીને પછી પસ્તાવાનો ભાવ જાગતો હોય, કવિના હૈયામાં ફાળ પડે છે, તેવી ફાળ વિદ્યાર્થીઓના હૈયામાં પડે છે. પંખીનું શું થશે? કેવું વાગ્યું હશે? તે બધી અભિવ્યક્તિ જીવંત શિક્ષણમાં મળે.

છે, આવી તાકાત A. I. માં? A. I. કાવ્યનો ભાવાર્થ રજૂ કરી શકે, ભીતરનું જોડાણ રચી ના શકે.

# આ રહ્યું મોટીવેશન

**નટવર આહલપરા**

(૧) યૌવન શોભે છે સંયમથી, સૌંદર્ય શોભે છે શીલથી.

સ્વામી સચ્ચિદાનંદજીનું પ્રેરક માર્ગદર્શન અહીં પ્રસ્તુત છે.

યૌવન એટલે તરવરાટ, તલસાટ, ઉત્સાહ અને આનંદનો સરવાળો ! યૌવન એટલે જીવન મહાસાગરનાં તોફાનો વટાવી જવાની અખૂટ શક્તિનો ભંડાર ! યૌવન પાસે મહત્ત્વાકાંક્ષા છે, સાહસવૃત્તિ અને ઉચ્ચભાવના છે. યુવાનનું હૃદય ભાવનાઓના રંગે રંગાયેલું હોય છે, આદર્શોની ઘેલછામાં રાચનારું છે. યૌવન પાસે આટલું બધું છે પરંતુ એક મહત્વની વસ્તુ નથી - સુકાન નથી. એ સુકાન એટલે સંયમ સાથે સારાસાર પારખવાની વિવેકશક્તિ. સુકાન વિનાનું નાવ જેમ ખરાબે ચઢી જાય તેમ સંયમ વિનાનું યૌવન પતનના માર્ગે વળી જાય એવી પૂરેપૂરી શક્યતા છે. સંયમરૂપી સુકાન ન હોય, વિવેકરૂપી સઢ ન હોય તો યૌવનરૂપી નાવની મહત્ત્વાકાંક્ષાઓ ઊંધી વળી જાય. સાહસ આંધળું બને છે, શક્તિ વેડફાઈ જાય છે.



'સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે'. સૌંદર્ય એ તો ઈશ્વરીય બક્ષિસ છે. મનુષ્યનું સાચું ઘરેણું શીલ છે. શીલ એટલે ચરિત્ર, કોઈ સ્ત્રી કે પુરુષ સુંદર હોય પણ તેનું ચરિત્ર ખરાબ હોય તો તેના મુખ પર કાંતિ-ચમક દેખાતી નથી. જે સુંદર વ્યક્તિ સદાચારણી હોય તેના મુખ પર એક જાતનું તેજ હોય છે.

આમ, યૌવન પર સંયમનો અંકુશ હોવો જોઈએ તેમ સૌંદર્ય પર શીલ-ચરિત્રનો અંકુશ હોવો જોઈએ. તો જ યુવાનોનું ઉત્તમ-શ્રેષ્ઠ-અદ્વિતિય ચારિત્ર્ય ઘડતર થઈ શકે.

(૨) ફૂલ દેખીને તમે ગાંડા થનારા, કરો એવું કે ફૂલ પોતે થાય ગાંડું.

કવિ મકરંદ દવેની ટકોર ઉપકારક છે. કોઈનું રૂપ, સૌંદર્ય, વ્યક્તિત્વ, પ્રતિભા, પદ, સંપતિ, સત્તા કે સદ્કાર્યોની સુવાસથી આપણે 'ગાંડા' થઈએ અર્થાત્ - એટલે કે એનાથી અંજાઈ જઈએ કે મોહ પામી જઈએ તો એ ગાંડપણ શા કામનું? એણે તો જીવનમાં કંઈક કરી બતાવ્યું! હવે આપણું શું? આપણે કોઈ એવું સાહસ, સત્કર્મ, પુરુષાર્થ કેમ ન કરીએ કે 'ફૂલ' જેવું વ્યક્તિત્વ ધરાવતી પેલી વ્યક્તિ આપણા પર વારી જાય ? સરસ મજાની વાત કવિએ 'ફૂલ'નું પ્રતીક લઈને સમજાવી છે. ફૂલ પર ફિદા થનારા ફૂલ પ્રેમીઓ! તમે ખુદ કંઈક એવું કાર્ય કરો કે ફૂલ તમારા પર ફિદાફિદા થઈ જાય, એમ કવિનું કહેવું છે.

(૩) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

પ્રસ્તુત પંક્તિમાં પુરુષાર્થનો મહિમા કવિ બરક્ત વિરાણી 'બેફામ' દ્વારા રજૂ થયો છે. 'પુરુષાર્થ જ પારસમણિ'એ જીવનમૂલ્યને સચોટ રીતે રજૂ કરે છે.

જિંદગીના રહસ્યને હસ્તરેખામાંથી ઉકેલીને, ઉન્નતિ અને સિદ્ધિને નસીબ દ્વારા જ ઝંખતા આળસુઓને કવિ મહેનત (ઉદ્યમ) કરવાનો ઉપદેશ આપે છે. ઉદ્યમ જ સફળતાની ચાવી છે. નસીબ પર વિશ્વાસ રાખીને બેસી રહેનાર એ ભૂલી જાય છે કે નસીબમાં લખાયેલી સિદ્ધિને સાકાર (સફળ) કરવા શ્રમ કરવો જરૂરી છે. સૂઈ રહેનારને, બેસી રહેનારને, ઊભા રહેનારને સફળતા મળતી નથી પણ હરતા-ફરતા (ઉદ્યમશીલ માણસ)ને સફળતા મળે છે. સંસ્કૃતમાં ઉક્તિ છે કે - ': સિધ્યતઃ' ઈચ્છાઓ કરવાથી નહિ, ઉદ્યમ કરવાથી જ કાર્યો સિદ્ધ થાય છે. કવિ સમજાવે છે કે જેમ કોઈ ઈમારતની ડિઝાઈન જ એના નકશામાં હોય છે. ચણાયેલી ઈમારત તો મહેનતનું ફળ છે. તેમ હસ્તરેખા ગમે તેટલી બળવાન હોય પણ તેને સાકાર કરવા તો મહેનત કરવી જરૂરી છે.

આથી જ કહેવાયું છે કેઃ 'સિદ્ધિ તેને જઈ વરે, જે નર પરસેવે ન્હાય'.

(૪) વિપત પડેના વલખીએ, વલખે વિપત ન જાય, વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

પ્રસ્તુત પંક્તિમાં કવિ કલાપીએ ઉદ્યમ (મહેનત-પુરૂષાર્થ) ને મહિમા વર્ણવ્યો છે.

આપણા જીવનમાં સુખ અને દુઃખની ભરતી-ઓટ આવ્યાં જ કરે છે. જીવનમાં દુઃખ કે આફત આવી પડે છે ત્યારે આપણે લાચાર થઈ જઈએ છીએ. આપણે તેમાંથી બચવા માટે વલખાં (પ્રયત્ન કરીએ) મારીએ છીએ. બીજા માણસો આગળ આપણે આપણા દુઃખનાં રોદણાં રડીએ છીએ. પરંતુ તેનાથી આપણી આફત દૂર થતી નથી. પરંતુ આપણે હાસ્યપાત્ર બનીએ છીએ. ઉદ્યમ જ સંકટ

સમયની બચાવ સાંકળ છે. આફત આવી પડતા આપણે હૃદયપૂર્વક મહેનત કરવા લાગી જઈએ તો દુઃખ દૂર થઈ જશે જ.

આમ, પ્રસ્તુત પંક્તિમાં ઉદ્યમ દ્વારા આફત-સંકટ દૂર કરવાનો રસ્તો ચીંધવામાં આવ્યો છે.

(૫) નિશાન ચૂક માફ, નહિં માફ નીચું નિશાન.

પ્રસ્તુત પંક્તિમા કવિ બળવંતરાય ઠાકરે મનુષ્યે હંમેશા ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા રાખવી જોઈએ એ ચિંતન રજુ કર્યું છે.

એક અંગ્રેજી કાવ્યમાં કહ્યું છે કે, જો તમારે નિશાન તાકવાનું હોય તો આકાશ તરફ તાકો. જેથી તે ઓછામાં ઓછું વૃક્ષની ટોચે તો અડશે જ. માટે દરેક મનુષ્યે હંમેશાં ઊંચું નિશાન, ધ્યેય રાખવું જોઈએ. મહત્ત્વાકાંક્ષા સેવવામાં મનુષ્યે શા માટે લોભ કરવો જોઈએ? જે ઊંચી મહત્ત્વાકાંક્ષા રાખે છે તે આગળ વધે છે. આવા સંજોગોમાં નીચું નિશાન લઈ બેસી રહેનારને આપણે માફી ન આપી શકીએ. પોતાને વાંકે જ તે આગળ નથી વધી શકતો.

જે ઊંચી મહત્ત્વાકાંક્ષા સેવે છે તે ભલે તેના ધ્યેયને પહોંચે નહિ, અસિદ્ધિ કે અર્ધસિદ્ધિ બંને ક્ષમાને પાત્ર છે, પણ નીચી મહત્ત્વાકાંક્ષા માફ નથી. કર્તવ્યનું ફળ મનુષ્યના હાથની વાત નથી, એટલે કે તેને તેનાં કર્તવ્યનું ફળ ન મળે તો આપણે તેનો વાંક ન કાઢી શકીએ. પણ તે ઉચ્ચ કર્તવ્ય કરવા જ ન પ્રેરાય તો આપણે તેનો વાંક કાઢીએ તેમાં ખોટું નથી.

(૬) ચહું થાવા હું યે મધુર ખીલતું પુષ્પ નવલું, પરંતુ ના ઈચ્છા જીવન જીવવા તાડ તરુનું.

પ્રસ્તુત પંક્તિમાં કવિ રામધારીસિંહ દિનકરે ઉદાત (સુંદર) જીવન દૃષ્ટિનું આલેખન કર્યું છે. ખોટી મોટપ દેખાડીએ અને કોઈના કશા કામમાં ન આવીએ એના કરતા તો, ભલે નાના રહીએ પણ સૌને ઉપયોગી થઈએ તોય ઘણું છે.

તાડનું વૃક્ષ ખૂબ ઊંચું હોય છે અને સેંકડો વર્ષ ટકી રહે છે, પરંતુ તે છાયો આપી બીજાની સેવા બજાવી શકતું નથી. તેથી તેનું જીવન વ્યર્થ છે. તાડ જેવાં ખૂબ ઊંચા પણ બિનઉપયોગી જીવનનું કાંઈ મહત્ત્વ નથી. કવિ કહે છે કે તાડના વૃક્ષ થવા કરતા તો હું એક નાનું પુષ્પ (ફૂલ) થાઉ તોય ઘણું છે. નાનું પુષ્પ (ફૂલ) થોડો સમય છોડ પર રહી ખરી પડે છે, પરંતુ ટૂંકા આયુષ્યકાળમાં પોતાની સુવાસ (સુગંધ) દ્વારા આસપાસનાં વાતાવરણને કેવું સુગંધિત બનાવી દે છે!

આથી જ એક કવિએ કહ્યું છે કે - 'લાંબે-ટૂંકે જિંદગી ના મપાય'. મનુષ્ય કેટલી લાંબી જિંદગી જીવ્યો એના કરતા તે કેવી રીતે જીવ્યો એ વધુ અગત્યનું (મહત્ત્વનું) છે.

## સમાજના તેજસ્વી તારલાઓ...



નિધી રાજેન્દ્રભાઇ પીપળીયા
(જુનાગઢ)
ધો. ૯ - ૯૩.૩૮ %



યશ જીજ્ઞેશભાઇ
બદ્રકીયા (રાજકોટ)
ધો. ૯ - ૮૮.૨૯ %



દિશીતા દિપકભાઇ
ધરવલીયા (રાજકોટ)
ધો. ૯ - ૯૩.૨૮ %



આયુશ કમલેશભાઇ
પાટણવાડીયા (ગોંડલ)
ધો. ૧૧ - ૯૧.૪૦ %



આરતીબેન સેવંતીભાઇ
સુથાર (સુરત)
ધો. ૧૧ - ૯૨.૪ %



રીયા પ્રિતેશભાઇ મિસ્ત્રી
(વડોદરા)
ધો. ૧૧ - ૮૦.૮૬ %



સુહાની કલ્પેશભાઇ
ગજ્જર (સુરત)
ધો. ૧૧ - ૯૦.૪ %



ક્રિશ જીજ્ઞેશભાઇ મિસ્ત્રી
(મંડલ-અમદાવાદ)
ધો. ૧૧ - ૮૨.૭૫ %

# કારકિર્દી પસંદ કરતા પહેલાં પોતાને ઓળખો



રૂપલ વડગામા
પેરેન્ટિંગ અને કરિયર કોચ
મો. ૯૪૨૮૧ ૫૮૦૯૪

કારણ કે સાચી સફળતા ‘‘બહાર નહીં, અંદર’’થી શરૂ થાય છે આજના સમયમાં વિદ્યાર્થી માટે સૌથી મોટો પ્રશ્ન છે

‘‘મારે આગળ શું કરવું?

દસમું કે બારમું પૂર્ણ થયા પછી હજારો વિદ્યાર્થીઓ અને માતા-પિતા કારકિર્દીના નિર્ણય સામે ઉભા રહે છે. પરંતુ દુઃખની વાત એ છે કે મોટા ભાગના નિર્ણયો સમજણથી નહીં, દબાણથી લેવાય છે.

કોઈ સમાજને જોઈને નિર્ણય લે છે.

કોઈ સગાં-સંબંધીઓની અપેક્ષાઓથી પ્રભાવિત થાય છે.

કોઈ મિત્રો જે ક્ષેત્રમાં જાય છે તે જ પસંદ કરે છે.

અને ઘણા વિદ્યાર્થીઓ તો પોતાને સમજ્યા વગર જ જીવનનો માર્ગ નક્કી કરી દે છે.

થોડા વર્ષો પછી ઘણા યુવાનો બહારથી સફળ દેખાય છે, પરંતુ અંદરથી થાકેલા, ગૂંચવાયેલા અને અસંતોષી અનુભવતા હોય છે.



પ્રશ્ન એ નથી કે વિદ્યાર્થી કયા ક્ષેત્રમાં ગયો.

પ્રશ્ન એ છે કે શું તે ક્ષેત્ર તેની અંદરની પ્રાકૃતિક શક્તિઓ સાથે મેળ ખાતું હતું?

દરેક બાળક એકસરખું નથી

આપણા શિક્ષણતંત્રમાં વર્ષોથી એક મોટી ભૂલ ચાલી આવી છે

બધા વિદ્યાર્થીઓને એક જ માપદંડથી માપવાની.

પરંતુ કુદરત ક્યારેય નકલ બનાવતી નથી.

દરેક બાળક અનોખું છે.

કોઈ બાળક વિશ્વેષણમાં મજબૂત હોય છે.

કોઈમાં સર્જનાત્મકતા ભરપૂર હોય છે.

કોઈ લોકોને સમજવામાં નિપુણ હોય છે.

કોઈ નેતૃત્વમાં આગળ હોય છે.

કોઈ શાંતિથી ગોઠવણી અને અમલીકરણમાં ઉત્તમ હોય છે.

મનોવિજ્ઞાન અને માનવ વર્તન પર થયેલા અનેક અભ્યાસો દર્શાવે છે કે વ્યક્તિમાં માત્ર એક પ્રકારની બુદ્ધિ કે ક્ષમતા નથી હોતી. વિવિધ પ્રકારની નૈસર્ગિક શક્તિઓ માનવ વ્યક્તિત્વમાં રહેલી હોય છે.

ઘણા આધુનિક કરિયર અભ્યાસોમાં ૩૫થી વધુ નૈસર્ગિક શક્તિઓનું વર્ણન કરવામાં આવે છે. દરેક વ્યક્તિમાં આ તમામ શક્તિઓ સમાન પ્રમાણમાં નથી હોતી. સામાન્ય રીતે કેટલાક પ્રાથમિક શક્તિ ક્ષેત્રો વધુ મજબૂત હોય છે અને કેટલાક ગૌણ સ્તરે કાર્ય કરતા હોય છે.

આજના સમયમાં કેટલાક કરિયર નિષ્ણાતો અને શક્તિ આધારિત માર્ગદર્શકો વિદ્યાર્થીઓના વર્તન, વિચારશૈલી, રસ, નિર્ણય લેવાની પદ્ધતિ, અભ્યાસ પ્રત્યેનો અભિગમ અને આંતરિક પ્રેરણાઓના આધારે તેમની પ્રાથમિક અને ગૌણ નૈસર્ગિક શક્તિઓને સમજવાનો વૈજ્ઞાનિક અભિગમ અપનાવી રહ્યા છે.

માત્ર માર્કશીટ નહીં, પરંતુ વિદ્યાર્થી ‘‘કેવી રીતે વિચારે છે અને કેવી રીતે કાર્ય કરે છે તે સમજવું પણ એટલું જ મહત્વપૂર્ણ બની રહ્યું છે.

કારકિર્દી ત્યારે વધુ અર્થપૂર્ણ બને છે જ્યારે વ્યક્તિની પ્રાથમિક નૈસર્ગિક શક્તિઓ અને કાર્યક્ષેત્ર વચ્ચે સાચો મેળ બેસે.

જ્ઞાન અને નૈસર્ગિક શક્તિ - બંનેમાં મોટો ફરક છે

અપણે ઘણી વખત શિક્ષણ, માર્ક્સ અને જ્ઞાનને જ ‘‘ક્ષમતા’’ માની લઈએ છીએ.

પરંતુ જ્ઞાન અને નૈસર્ગિક શક્તિ એક જ વસ્તુ નથી.

જ્ઞાન એ બહારની દુનિયામાંથી અંદરની દુનિયામાં આવતી વસ્તુ છે.

પુસ્તકો, શિક્ષકો, કોર્સ, તાલીમ અને અનુભવ દ્વારા આપણે જ્ઞાન મેળવીએ છીએ.

પરંતુ નૈસર્ગિક શક્તિ એ અંદરની દુનિયામાંથી બહાર આવતી શક્તિ છે.

તે જન્મજાત વલણ છે. તે કાર્ય કરવાની પ્રાકૃતિક રીત છે. તે એવી ઊર્જા છે જેમાં વ્યક્તિ સહજ રીતે જીવંત અનુભવ કરે છે.

એક વિદ્યાર્થી ગણિત શીખી શકે છે, પરંતુ દરેક વિદ્યાર્થી ગણિતીય વિચારશક્તિ સાથે જન્મતો નથી.

કોઈ વ્યક્તિ પબ્લિક સ્પીકિંગ શીખી શકે છે, પરંતુ કેટલાક લોકોમાં પ્રભાવશાળી સંવાદ કરવાની પ્રાકૃતિક શક્તિ પહેલેથી જ હોય છે. જ્ઞાન શીખવવામાં આવે છે.

નૈસર્ગિક શક્તિ ઓળખવામાં આવે છે.

અને જ્યારે જ્ઞાન અને નૈસર્ગિક શક્તિ એકબીજા સાથે જોડાય છે, ત્યારે અસાધારણ પરિણામો સર્જાય છે.

ફ્લો સ્ટેટ - જ્યાં કામ ભાર નહીં, આનંદ બને છે.

વિશ્વપ્રસિદ્ધ મનોવિજ્ઞાનીઓએ વર્ષો સુધી એક ખાસ માનસિક સ્થિતિ પર અભ્યાસ કર્યો - જેને ફ્લો સ્ટેટ કહેવામાં આવે છે.

ફ્લો સ્ટેટ એટલે એવી સ્થિતિ જેમાં વ્યક્તિ કોઈ કાર્યમાં એટલી ડૂબી જાય છે કે સમયનું ભાન પણ રહેતું નથી.

કામ કરતાં થાક ઓછો લાગે છે. એકાગ્રતા સ્વાભાવિક બને છે. અંદરથી આનંદ અને ઊર્જા અનુભવાય છે.

ધ્યાન આપો...

કોઈ બાળક કલાકો સુધી ડ્રોઈંગ કરે અને થાક ન લાગે.

કોઈ વિદ્યાર્થી સતત નવા આઈડિયા વિચારે.

કોઈને લોકોને માર્ગદર્શન આપવામાં જીવંત અનુભવ થાય.

કોઈને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે.

કોઈને આયોજન અને વ્યવસ્થા ગોઠવવામાં સંતોષ મળે.

આ બધું માત્ર રસ નથી. ઘણી વખત આ વ્યક્તિની નૈસર્ગિક શક્તિઓના સંકેત હોય છે.



અનુભવી કરિયર માર્ગદર્શકો ઘણી વખત વિદ્યાર્થીઓના આ ''ફ્લો પેટર્ન'' પર ખાસ ધ્યાન આપે છે. કારણ કે જ્યાં વિદ્યાર્થી સ્વાભાવિક રીતે ઊર્જાવાન અને એકાગ્ર બને છે, ત્યાં ઘણી વખત તેની અંદરની મૂળ શક્તિઓ કાર્યરત હોય છે.

જે લોકો પોતાની અંદરની શક્તિઓ અનુસાર કાર્યક્ષેત્ર પસંદ કરે છે, તેઓ લાંબા ગાળે વધુ સર્જનાત્મક, સ્થિર અને સંતોષી રહે છે.

માત્ર માર્ક્સથી જીવન નક્કી થતું નથી સમાજમાં આજે પણ એક ખોટી માન્યતા મજબૂત છે વધુ માર્ક્સ એટલે વધુ સફળતા.''

પરંતુ જીવન માત્ર પરીક્ષાનું પરિણામ નથી.

ઘણા ઉચ્ચ ગુણ લાવનાર વિદ્યાર્થીઓ જીવનમાં દિશાહીન બની જાય છે.

અને ઘણા સરેરાશ ગુણ ધરાવતા લોકો પોતાના ક્ષેત્રમાં અદભુત સફળતા મેળવે છે.

કારણ કે લાંબા ગાળે સફળતા માત્ર બુદ્ધિથી નહીં, પરંતુ વ્યક્તિ પોતાની પ્રાકૃતિક શક્તિઓ સાથે કેટલો સુમેળ બેસાડે છે તેના પર આધાર રાખે છે.

આ કારણે આજના સમયમાં વિશ્વભરમાં ''સ્ટ્રેન્થ બેઝ્ડ કરિયર ગાઈડન્સ'' તરફ ઝુકાવ વધી રહ્યો છે, જ્યાં વિદ્યાર્થીને માત્ર શું ભણવું'' નહીં, પરંતુ ''તે મૂળભૂત રીતે કોણ છે'' તે સમજવાનો પ્રયાસ થાય છે.

બાળકોને માત્ર ''સુરક્ષિત'' નહીં, ''યોગ્ય માર્ગ જોઈએ

ઘણા માતા-પિતા બાળકો માટે સારું ભવિષ્ય ઈચ્છે છે.

પરંતુ ઘણી વખત ડર, સરખામણી અને સમાજની વ્યાખ્યાઓ નિર્ણયોને પ્રભાવિત કરે છે.

''સાયન્સમાં જ સ્કોપ છે.

''સરકારી નોકરી જ સુરક્ષિત છે.''

''આ ક્ષેત્રમાં પૈસા વધારે છે.''

પરંતુ દરેક માટે એક જ માર્ગ યોગ્ય હોઈ શકે નહીં.

જો કોઈ બાળકની અંદર સર્જનાત્મકતા વધુ હોય અને તેને સતત માત્ર રટણ આધારિત ક્ષેત્રમાં ધકેલવામાં આવે, તો તેની આંતરિક ઊર્જા ધીમે ધીમે ઘટવા લાગે છે.

વિદ્યાર્થીને માત્ર કારકિર્દી નહીં, પોતાની ઓળખ શોધવામાં મદદ કરવાની જરૂર છે.

સાચું કરિયર ગાઇડન્સ શું હોવું જોઈએ?

સાચું કરિયર માર્ગદર્શન માત્ર કોર્સની યાદી આપવાનું કામ નથી.

સાચું માર્ગદર્શન એ છે જેમાં વિદ્યાર્થીની - નૈસર્ગિક શક્તિઓ, વિચારશૈલી, રસ, કાર્ય કરવાની રીત, ભાવનાત્મક પેટર્ન, અને આંતરિક પ્રેરણાઓ સમજવામાં આવે.

કારણ કે દરેક વિદ્યાર્થી માટે સફળતાનો રસ્તો અલગ હોઈ શકે છે. કેટલાક વિદ્યાર્થીઓ નેતૃત્વમાં ખીલે છે. કેટલાક વિશ્લેષણમાં. કેટલાક માનવ સંબંધોમાં. કેટલાક સર્જનાત્મકતા દ્વારા.અને કેટલાક શાંતિથી પૃષ્ઠભૂમિમાં રહીને ઉત્તમ કાર્ય કરે છે.

આજના કેટલાક અનુભવી કરિયર કાઉન્સેલર્સ વિદ્યાર્થીઓની અંદરની શક્તિઓને સમજવા માટે સ્ટ્રક્ચર્ડ ઓબ્ઝર્વેશન, વૈજ્ઞાનિક એસેસમેન્ટ, વર્તન પેટર્ન અને ઊંડા સંવાદનો ઉપયોગ કરે છે. કારણ કે ઘણી વખત વિદ્યાર્થી પોતે પણ પોતાની સાચી ક્ષમતાઓને સંપૂર્ણ રીતે ઓળખતો નથી.

જ્યારે વિદ્યાર્થી પોતાની પ્રાથમિક અને ગૌણ શક્તિઓને સમજવા લાગે છે, ત્યારે કારકિર્દીનો નિર્ણય વધુ સ્પષ્ટ બનવા લાગે છે.

જીવનનો સાચો પ્રશ્ન, કારકિર્દી પસંદ કરતી વખતે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે - કયા ક્ષેત્રમાં સૌથી વધારે પૈસા છે? પરંતુ પ્રશ્ન એ છે કે, કયા ક્ષેત્રમાં હું મારી અંદરની શ્રેષ્ઠ શક્તિઓ સાથે જીવંત રહી શકું? કારણ કે માણસ માત્ર કમાણી માટે જન્મ્યો નથી.

માણસ પોતાની અનોખી ક્ષમતા દ્વારા દુનિયામાં કંઈક મૂલ્ય ઉમેરવા માટે આવ્યો છે. ભગવાન દરેક વ્યક્તિને અલગ હેતુ, અલગ શક્તિ અને અલગ માર્ગ સાથે મોકલે છે. જે દિવસે વિદ્યાર્થી પોતાની અંદરની શક્તિઓને ઓળખીને નિર્ણય લેવાનું શરૂ કરે છે, તે દિવસે કારકિર્દી માત્ર નોકરી નહીં રહે તે જીવનની અભિવ્યક્તિ બની જાય છે. અને કદાચ સાચી સફળતા એ જ છે...

# નાની વયે ઉનમાંથી અવનવુ સર્જન કરતી વૈશાખી ગજજર





મોબાઇલનો સદ્ઉપયોગ કરવામાં આવે તો બાળકોની સર્જનાત્મક કલા કેવી સરસ રીતે ખીલી ઉઠે છે તેનું ઉદાહરણ અમદાવાદના નવા વાડજ રામવાડીમાં રહેતી વૈશાખી વડગામાએ પુરૂ પાડયું છે. અમદાવાદની મેમનગરમાં અવોલ એચ.બી. કાપડીયા હાઇસ્કુલમાં છઠ્ઠા ધોરણમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી ઇન્ટિરિયર ડિઝાઇનર વિશાલ ગજજર અને આરોગ્યમ નામની સુજોક એક્યુપ્રેશર ચલાવતી વિશાખા ગજજરની પુત્રી વૈશાખીએ ઉનમાંથી હાથની કરામત દ્વારા વિવિધ આઇટમ બનાવવાની કલા હસ્તગત કરી છે. સુયા દ્વારા ઉન ગુંથીને છેલ્લા એકાદ વર્ષમાં ઉનની આઇટમો બનાવી છે જેમાં ટી-શર્ટ, ચશ્માના કવર કપ રાખવાના કોસ્ટર, કીચેઇન, બોટલ કવર, હેરબેલ્ટ, પ્રસાદ રાખવાના કવર જેવી અવનવી આઇટમ શોખથી બનાવે છે.

અમદાવાદ જાણીતા આર્ટીસ્ટ હીનાબેન ગજજર પાસે આર્ટની કલામાં તાલીમ લીધા બાદ તે પોટ્રેઇટ પેઇન્ટીંગ, નોર્મલ ડ્રોઇંગ, બુકમાર્કનું પણ સર્જન કરી છે. આમ આર્ટમાં રસ લેતાની સાથે તેને ક્રાફટનો પણ શોખ છે. શો પીસ, કાર્ડ, હેંગીગ પણ બનાવે છે.

કલાનો આ શોખ વૈશાખીને પિતાએ વારસામાં આપ્યો છે. પિતા વિશાલ ઇન્ટિરિયર સાથે આર્ટીસ્ટ પણ છે. પિતાનું માર્ગદર્શન અને માતા વિશાખાની પ્રેરણા વૈશાખીને સતત મળતી રહે છે.

# જામનગરની શિવાન્યા પંચાસરા હેન્ડ રાઇટીંગમાં માહિર



જામનગરના દરેડમાં બી.એમ. એન્જિનિયર્સ નામથી ઇન્ડસ્ટ્રીઝ ધરાવતા ભાવિન પંચાસરા અને મેઘા પંચાસરાની નંદવિદ્યા નિકેતનમાં અભ્યાસ કરતી શિવાન્યાએ સીબીએસઇ બોર્ડમાં ૪થામાં ૯૬ ટકા જેટલા ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શૈક્ષણિક તેજસ્વીતાના દર્શન કરાવ્યા છે.

ઇન્દિરા માર્ગ પર શાંતિ હાર્મનીમાં રહેતી શિવાન્યા હેન્ડ રાઇટીંગમાં માસ્ટરી છે અને સ્પર્ધામાં પ્રથમ આવતી રહી છે. અંગ્રેજી, હિંદુ, ગુજરાતી ત્રણેય ભાષામાં સુંદર મરોળદાર અક્ષરથી શિક્ષકો પ્રભાવિત છે. શિવાન્યાને ક્રાફટનો તેમજ ડ્રોઇંગનો પણ શોખ છે. સાથોસાથ ડાન્સીંગમાં પણ તેનું સારૂ પરફોર્મન્સ છે. શિવાન્યાએ સ્વીમીંગનો શોખ પણ કેળવ્યો છે. અંડર વોટર સ્વીમીંગ પણ કરી જાણે છે.

# નાનપણથી જ આર્ટનો શોખ ધરાવતી વ્યાના ભાડેશીયા







રાજકોટના કમ્પ્યુટર ઇજનેર પાર્થ ભાડેશીયા અને ઇન્ટીરીયર આર્કીટેકટ સમતા ભાડેશીયાની નવ વર્ષીય પુત્રી વ્યાના અભ્યાસમાં સારો દેખાવ કરી છે. સેંટ પોલમાં આઇસીએસઇ બોર્ડમાં ત્રીજા ધોરણમાં સારો દેખાવ કરીને ૪થામાં પ્રવેશ કર્યો છે. વ્યાના નાનપણથી જ આર્ટમાં રસ અને રૂચી ધરાવે છે. તેણે શોખથી બનાવેલા વિવિધ પેઇન્ટીંગને સ્કુલમાં સારો આવકાર મળી રહયો છે. સાથોસાથ વિવિધ ક્રાફ્ટ બનાવીને પોતાના શોખ પોષી રહી છે.

# સમાજના તેજસ્વી તારલાઓ...



પ્રાંજલ વિશાલભાઈ
ખંભાયતા (અમરેલી)
બાલવાટિકા-૯૦ %



સાક્ષી નીરજભાઇ દુધૈયા
(પોરબંદર)
એચકેજી - ૯૩.૧૭ %



ત્રિશિકા નરેન્દ્રભાઇ
ચંદ્રેશા (રાજકોટ)
ધો. ૧ - ૯૯.૨૦ %



અભિ હિરેનભાઇ
ગંગાજળીયા (રાજકોટ)
ધો. ૧ - ૯૮.૦૦ %



જીલ મૌલિક વડગામા
(રાજકોટ)
ધો. ૧ - ૯૬.૧૭ %



હિરત દિવ્યેશભાઇ ગજ્જર
(રાજકોટ)
ધો. ૧ - ૯૭.૮૩ %



જાનવી રચિત મિસ્ત્રી
(વડોદરા)
ધો. ૧ - Grade : A1




જીત હર્ષદભાઇ મિસ્ત્રી
(રાજકોટ)
ધો. ૧ - ૯૧.૪૦ %



નાવ્યા પ્રફુલભાઇ
ખંભાયતા (રાજકોટ)
ધો. ૧ - ૯૩.૭૫ %



યામી ધવલકુમાર મિસ્ત્રી
(નડીયાદ)
ધો. ૧ - Grade : A



હિયાન ખુશાલ
મહેમદાવાદીયા (રાજકોટ)
ધો. ૧ - 1+ Rank



જીયા અશોકભાઇ
સોંડાગર (રાજકોટ)
ધો. ૧ - ૯૪.૪૧ %



ધારા એન. સુથાર
ધો. ૨
૯૨.૦૭ %



મયંક કમલેશભાઇ
તલસાણિયા (રાજકોટ)
ધો. ૨ - ૯૦.૦૦ %



જેસલ નિકુંજ ગજ્જર
(અમદાવાદ)
ધો. ૨ - ૯૮.૭૫ %



હર્ષ કિશનભાઇ
ગંગાજળીયા (રાજકોટ)
ધો. ૨ - ૯૮.૭૫ %




જીયાન હિરેનભાઇ ગજ્જર
ધો. ૨ -
૯૭.૭૧ %



વ્રજ જયેશભાઇ સોંડાગર
(રાજકોટ)
ધો. ૨ - ૯૮.૫૦ %



દ્રષ્ટિ અજયભાઇ
ગંગાજળીયા (રાજકોટ)
ધો. ૨ - ૯૬.૪ %



માહીર મયુરભાઇ નાંદોરીયા
(રાજકોટ)
ધો. ૨ - ૯૬.૮૩ %

# સમાજના તેજસ્વી તારલાઓ...



ધૈર્ય વિપુલભાઇ ગંગાજળીયા (રાજકોટ)
ધો. ૩ - ૯૪.૫૦ %



દેવિકા કૌશિકભાઇ સોંડાગર (રાજકોટ)
ધો. ૩ - ૯૬.૬૪ %



પ્રેયુશા સંજય નગેવાડીયા (રાજકોટ)
ધો. ૩ - ૯૫.૦૦ %



આદિત્ય રાજુભાઇ સુથાર (સુરત)
ધો. ૩ - ૯૦.૨૦ %



ક્રિત્યા વિરાજભાઇ ખંભાયતા (રાજકોટ)
ધો. ૪ - ૯૦.૩ %



હેત્વી વિમલભાઇ સોંડાગર (રાજકોટ)
ધો. ૪ - ૯૩.૦૦ %



જયમ કિશોરભાઇ પીસાવડીયા (જામખંભાળીયા)
ધો. ૪ - ૯૭ %



હેત મનિષભાઇ માંડવીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૮.૯૦ %



ધનવી યોગેશ રાણપરીયા (રાજકોટ)
ધો. ૪ - A1




ઓમ અજયભાઇ તલસાણિયા (રાજકોટ)
ધો. ૪ - ૯૭.૫૬ %



વ્રીન્દા ધ્રુવલ કરગથરા (રાજકોટ)
ધો. ૪ - ૯૩.૭૫ %



દ્વીતી હર્ષદ મિસ્ત્રી (રાજકોટ)
ધો. ૪ - ૯૫.૫૭ %



જીનલ અમિતકુમાર બકરાણીયા (દ્વારકા)
ધો. ૪ - ૯૦.૯ %



એશા લલિતકુમાર સુથાર (નડીયાદ)
ધો. ૪ - ૯૫.૫૬ %



રૂહી વિમલેશભાઇ સુથાર (આણંદ)
ધો. ૫ - A



જેનિશા ભાવિનકુમાર મોડાસીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૮.૦૦ %



મિત જયસુખભાઇ સોનીગરા (રાજકોટ)
ધો. ૫ - ૯૮.૨૫ %



જીગર એચ. સંચાણીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૬.૦૦ %



મિત ધર્મેશ સીનરોજા (રાજકોટ)
ધો. ૫ - ૯૯.૧૪ %



મનિત વિજયભાઇ તલસાણિયા(રાજકોટ)
ધો. ૫ - ૯૫.૯૩ %

# સમાજના તેજસ્વી તારલાઓ...


માનવ વિનયભાઇ
આમરણીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૩.૨૧ %


સૌમ્યા પંકજભાઇ
ખંભાયતા (રાજકોટ)
ધો. ૫ -


સ્વરા અંકિતકુમાર સુથાર
(ભુમેલ)
ધો. ૫ - અ૧


પૃષ્ટી પ્રફુલભાઇ
ખંભાયતા (રાજકોટ)
ધો. ૫ - ૮૧.૧૭ %


રીયા પિયુષભાઇ સોંડાગર
(રાજકોટ)
ધો. ૫ - ૯૫.૪૨ %


તૃષ્ટિ વિશાલભાઇ
ખંભાયતા (અમરેલી)
ધો. ૫ - ૯૦ %


તીર્થ પિયુષભાઇ
સોલંકી (રાજકોટ)
ધો. ૫ - ૯૨.૦૦ %


નવ્ય નિમેષભાઇ સુથાર
(સુરત)
ધો. ૫ - ૯૩.૦૦ ૫


હેત પંકજભાઇ
તલસાણિયા (રાજકોટ)
ધો.૬ - ૯૫.૮૩ %


ખ્યાતિ એસ. કુવારદીયા
(રાજકોટ)
ધો. ૬ - ૯૦.૦૭ %


વ્યોમ લાલજીભાઇ
ગોહિલ (રાજકોટ)
ધો. ૬ - ૯૧.૨૫ %



પ્રિયાંશ તુષાર બકરાણીયા
(બોખીરા)
ધો. ૬ - ૯૫.૧૧ %



માન્યા સિદ્ધાર્થ
બોરાણીયા (રાજકોટ)
ધો. ૬ - ૯૧.૧૦ %


હ્રીજા ભાવિનકુમાર
સુથાર (સુનાવ)
ધો. ૬ - ૯૭.૭૧ %


હેની પ્રશાંતભાઇ ઉજેણીયા
(વલ્લભ વિદ્યાનગર)
ધો. ૬ - ૮૩.૩૯ %


પરમ ઘનશ્યામભાઇ
ગંગાજળીયા (રાજકોટ)
ધો. ૭ - ૯૮.૨૦ %


રીતેશ અરવિંદભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૭ - ૯૫.૭૧ %


અક્ષ અરૂણ ધ્રાંગધરીયા
(રાજકોટ)
ધો. ૭ - ૯૫.૬૪ %


ત્રિશા નીતિનભાઇ
બકરાણીયા (રાજકોટ)
ધો. ૭ - ૯૭.૬૪ %


તીર્થ મનિષભાઇ દાવડા
(રાજકોટ)
ધો. ૭ - ૯૪.૫૬ %

# સમાજના તેજસ્વી તારલાઓ...



અખિલ જીજ્ઞેશભાઇ સંચાણીયા (જામખંભાળીયા)
ધો. ૭ - ૯૧.૫૮ %




ત્રિશા પ્રશાંતભાઇ કારેલીયા (રાજકોટ)
ધો. ૭ - ૯૦.૨૫ %



જેનીલ તેજસભાઇ અંબાસણા (રાજકોટ)
ધો. ૭ - ૯૨.૨૨ %



જીયા કૌશિકભાઇ સોંડાગર (રાજકોટ)
ધો. ૭ - ૯૧.૨૮ %



હેત્વી ભાવેશભાઇ વડગામા (રાજકોટ)
ધો. ૭ - ૯૫.૫૦ %



ક્રિશ મુકેશભાઇ સોનીગ્રા (લસકાણા-સુરત)
ધો. ૭ - ૮૪.૪૪ %



ધ્યાના રાજેશકુમાર ખોડદિયા (કેશીયા-જામનગર)
ધો. ૭ - ૯૬ %



આર્યન નરેન્દ્રભાઇ ચંદ્રેશા (રાજકોટ)
ધો. ૮ - ૮૫.૦૬ %



ધ્રુવિશા વિરાજયભાઇ ખંભાયતા (રાજકોટ)
ધો. ૮ - ૮૨.૯ %



મનસ્વી દિશાલભાઇ કરગથરા (રાજકોટ)
ધો. ૮ - ૯૭.૧૧ %



શ્રુતિ ધર્મેશ સીનરોજા (રાજકોટ)
ધો. ૮ - ૯૫.૩૯ %




વૈભવી અજયભાઇ તલસાણિયા (રાજકોટ)
ધો. ૮ - ૯૪.૦૦ %




કાવ્યા પ્રમોદભાઇ સાંકડેચા (રાજકોટ)
ધો. ૮ - A+



નિયા સંદિપકુમાર સુથાર (વલ્લભવિદ્યાનગર)
ધો. ૮ - ૮૯.૭૧ %



માધવી સુનિલભાઇ બકરાણીયા (જામનગર)
ધો. ૮ - ૯૩.૪૩ %



વિદ્યા કેતનભાઇ પંચાસરા (રાજકોટ)
ધો. ૮ - ૯૬.૧૮ %




હર્ષ દિપેશભાઇ સાંકડેચા (રાજકોટ)
ધો. ૮ - ૯૪.૯૪ %



આદિત્ય અલ્પેશભાઇ વડગામા (જામનગર)
ધો. ૮ - ૯૪.૮૮ %



મિત ખંભાયતા (ગોંડલ)
ધો. ૮ - ૯૦.૦૦ %



જીલ ખંભાયતા (રાજકોટ)
ધો. ૮ - ૯૦.૭૩ %

# રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા ખેલકુદ અને લલીતકલા ઉત્સવ યોજાયો







રાજકોટના ભક્તિનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલ શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળનું ગોલ્ડન જ્યુબિલી વર્ષની ઉજવણી કરી રહયું છે. આ વર્ષે ૫૦મો ખેલકુદ અને લલિતકલા ઉત્સવ તા. ૨૬/૫ થી ૩૦/૫ દરમ્યાન સંસ્થાના પટાંગણમાં ઉજવાયો

પ્રથમ દિવસે ચેસ અને કેરમ ટુર્નામેન્ટ, બીજા દિવસે વિવિધ મેદાની રમતો, ત્રીજા દિવસે સંગીત સંધ્યા, ચોથા દિવસે ડાન્સ ગજજર ડાન્સ તેમજ તા. ૩૦ના પાંચમા દિવસે સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમોમાં મહેમાનો તરીકે નંદલાલ વાલંભીયા, મહેશભાઇ કુંવરજીભાઇ ભાડેશીયા તથા મુકેશભાઇ ભાડેશીયા, મનનભાઇ બુદ્ધદેવ, રાજેન્દ્રભાઇ એચ. અંબાસણા અને રાહુલભાઇ પટેલ ઉપસ્થિત રહયા હતા.

મહેમાનોનું સ્વાગત અને વિજેતાઓને પ્રમાણપત્ર, મોમેન્ટો સંસ્થાના અધ્યક્ષ મુકેશભાઇ પંચાસરા, ઉપાધ્યક્ષ ભરત ખારેચા, ટ્રસ્ટીઓ વસંતભાઇ ભાલારા, કિશોરભાઇ બોરાણીયા, હર્ષદભાઇ બકરાણીયા, જ્ઞાતિ પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, કાર્યવાહક સમિતિના સભ્યો પ્રકાશ દુદકીયા, જયકુમાર તલસાણિયા, કમલેશ ભારદીયા, જનકભાઇ વડગામા, રીતેશભાઇ ધ્રાંગધરીયા, તેમજ સેવાભાવી કાર્યકરો પ્રમોદ બકરાણીયા, વસંતભાઇ ભેસાણીયા, નરેન્દ્રભાઇ દુદકીયા, રમણીક સીનરોજા, કપિલ ગોવિંદીયા, નિલેશ અંબાસણા વગેરેના હસ્તે અપાયા હતા.

કાર્યક્રમમાં નવનિયુક્ત નગર સેવિકા અને સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય માધવીબેન નીતિનભાઇ બદ્રકીયા પણ મહેમાન તરીકે ઉપસ્થિત હતા. તેઓનું સન્માન કરાયું હતું. ૨૭૦ જેટલા ભાઇ-બહેનો વિવિધ કાર્યક્રમમાં જોડાયા હતા. બહોળી સંખ્યામાં લોકોએ ઉત્સવ માણ્યો હતો. સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતિ તેમજ સેવાભાવી કાર્યકરો વગેરેએ આયોજન સફળ બનાવ્યું. જ્ઞાતિની અન્ય સંસ્થાનો પણ સહકાર મળ્યો. એંકર દર્શીત સાંકેચાએ સૌનો આભાર માન્યો હતો. **(અહેવાલ : વસંતભાઇ ભાલારા)**



# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથફોરમ-નવાવાડજ-અમદાવાદ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ સંપન્ન : વિશ્વકર્મા ઈલેવન ચેમ્પિયન

• શાંતિભાઈ ખોડદીયા













તારીખ ૯/૫/૨૬ના રોજ પ્રારંભ થયેલ ટુર્નામેન્ટ તારીખ ૧૮/૫/૨૬ના રોજ રોમાંચકારી ફાઈનલના મુકાબલાથી પૂર્ણ થઈ આ ટુર્નામેન્ટને રાજકોટના ઉધોગપતિ અને વિશાળ હૃદયી અનુદાતા સન્માનનીય શ્રી અમુભાઈ ભારદિયાએ ખુલ્લી મુકેલ. આ દિને અમદાવાદ, રાજકોટ અને અન્ય શહેરોના સમાજના અનેક અગ્રણીઓએ હાજર રહી ઉદઘાટનને અત્યાધિક રંગીન બનાવેલ .આ ટુર્નામેન્ટમાં ૩૬ ટીમોએ ભાગ લીધેલ ફાઈનલ સાથે કુલે ૩૫ મેચો રમાઈ. અમદાવાદના ભાડજમા આવેલ વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ પાટીદાર ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નોક-આઉટથી રમાયેલ આ પ્રતિયોગિતામાં વિશ્વકર્મા ઈલેવન (પોરબંદર) અને બોનીટેક (રાજકોટ) ફાઈનલ માટે યોગ્ય ઠરેલ. આ ફાઈનલ મેચમાં ધારાસભ્ય ડો હર્ષદભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી જીતુભાઈ પટેલ અમદાવાદના અનેક કાઉન્સિલરો સાથે ઉપસ્થિત રહી ફાઈનલને વધુ ઉત્સાહિત બનાવેલ. શ્રી વિશ્વકર્મા ઈલેવન (પોરબંદર) અને બોનીટેક ( રાજકોટ)નો મુકાબલો રસપ્રદ રહેલ. અંતમાં શ્રી વિશ્વકર્મા ઈલેવને આ મેચમાં બાજી મારી હતી અને Championshipનો તાજ હાંસલ કરેલ. શ્રી બોનીટેક Runner's up બનેલ. શિસ્તબદ્ધ રમત માટે (Fair Play) અમદાવાદની યુનીટી ઈલેવન પસંદ થયેલ. અમદાવાદના સમાજ અગ્રણીઓ અને અનુદાતા દ્વારા ટીમો તથા સુંદર દેખાવ કરેલ ખેલાડીઓને ટ્રોફી અર્પિત કરી સન્માનિત કરેલ. શ્રી ભાવેશભાઈ મિસ્ત્રી મેન ઓફ ધ ટુર્નામેન્ટ અને મેક્સીમ સીક્સીસ, શ્રી સમર ગજ્જર ફાઈનલના મેન ઓફ ધ મેચ, શ્રી હિરેન ગજ્જર બેસ્ટ બોલર અને શ્રી ગોપાલ ઊમરાડિયાને બેસ્ટ કેચ માટે સન્માનિત કરવામાં આવેલ. આ ઉપરાંત, દરરોજની મેચના સારા ખેલાડીઓને ટ્રોફીઓ અર્પણ કરવામાં આવેલ. સંક્ષિપ્તમાં, સમાજ અગ્રણીઓ, અનુદાતાઓ,કમિટી સભ્યો અને સ્વયંસેવકોની નિષ્ઠા અને મહેનતથી ટુર્નામેન્ટ સફળ અને આનંદદાયક રહી

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો, ઘેર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો



**લવાજમ ભરવા**

G Pay OR Paytm કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

વિશ્વકર્મા વિશ્વ

વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...
www.vishwakarmavishwa.com

વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫





## સ્વ. દિલીપભાઈ સિંહાર

સ્વર્ગવાસ તા. ૦૭-૦૪-૨૦૨૫

આપના આશીર્વાદ અને કૃપા સદૈવ અમારા ઉપર
ઉતરતી રહે એવી પ્રાર્થના કરીએ છીએ

**સિંહાર સ્કૂલ**

પંચાયત ચોક, યુનિ. રોડ, રાજકોટ.



# વિશ્વકર્મા વિશ્વ

## વિશ્વકર્મા સમાજના વિદ્યાર્થીઓ માટે...

આ જુનના શૈક્ષણિક વિશેષાંકમાં રહી ગયેલા કોઈપણ શહેરના
એસએસસી - એચએસસીના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ
એન્જિનિયરીંગ કે અન્ય કોલેજમાં ડીગ્રી પ્રાપ્ત કરી હોય તેવા
વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય
તેવા વિદ્યાર્થીઓ પોતાની વિગતો મોકલી શકે છે.
જે આવતા જુલાઈના અંકમાં પ્રસિદ્ધ થશે.
વિગત મોકલી તુરંત ફોન કરવો જરૂરી છે.

**સંપર્ક : ૯૦૯૯૯ ૪૯૫૬૫, તંત્રી - પ્રવીણ ગજ્જર**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month

# હાર્ટ બ્લોકેજ?

# હૃદયનું ઓછું પંપિંગ ?



## એક નવી આશા
## નેચરલ બાયપાસ

# EECP સારવાર

**સર્જરી વગર, સ્ટેન્ટ વગર, હોસ્પિટલમાં દાખલ થયા વગર**

### EECP (Enhanced External Counter Pulsation) શું છે?

**EECP** એક વૈજ્ઞાનિક, બિન-શસ્ત્રક્રિયાત્મક **(Non-Invasive)** સારવાર છે, જે હૃદય સુધી વધુ રક્તપ્રવાહ પહોંચાડવામાં મદદ કરે છે અને શરીરમાં કુદરતી રીતે નવી સૂક્ષ્મ રક્તવાહિનીઓ **(Natural Bypass)** વિકસાવવામાં સહાય કરે છે.

### EECPના મુખ્ય ફાયદા :


- હૃદયમાં રક્તપ્રવાહ સુધારે
- હાર્ટ બ્લોકેજના લક્ષણોમાં રાહત આપે
- છાતીમાં દુખાવો (એન્જાઇના) ઘટાડે
- શ્વાસ ચઢવાની સમસ્યા ઓછી કરે
- હૃદયની પંપિંગ ક્ષમતા (Ejection Fraction) સુધારવામાં મદદરૂપ
- શરીરની કાર્યક્ષમતા અને સ્ટેમિના વધારે
- નવી સૂક્ષ્મ રક્તવાહિનીઓ (Collateral Circulation) વિકસાવે
- બાયપાસ સર્જરી અથવા સ્ટેન્ટના વિકલ્પ તરીકે ઉપયોગી
- ડાયાબિટીસ અને હાઈપરટેન્શનના દર્દીઓ માટે પણ લાભદાયક
- દૈનિક જીવન વધુ આરામદાયક બનાવે
- તણાવ અને થાકમાં ઘટાડો કરે

### કોના માટે યોગ્ય?

- હાર્ટ બ્લોકેજ ધરાવતા દર્દીઓ
- હાર્ટ ફેલ્યોરના દર્દીઓ
- બાયપાસ અથવા સ્ટેન્ટ કરાવવા ઈચ્છતા ન હોય તેવા દર્દીઓ
- બાયપાસ/એન્જિયોપ્લાસ્ટી પછી પણ તકલીફ રહેતી હોય
- હૃદયનું ઓછું પંપિંગ (Low EF)
- વારંવાર છાતીમાં દુખાવો થતો હોય

### શા માટે EECP ?

- સંપૂર્ણ સલામત અને પીડારહિત સારવાર
- કોઈ ઓપરેશન કે એનેસ્થેસિયાની જરૂર નથી
- હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી
- સારવાર પછી રોજિંદા કાર્યો ચાલુ રાખી શકાય
- લાંબા સમય સુધી લાભ મળી શકે



**નેચરલ બાયપાસ અપનાવો... હૃદયને સ્વસ્થ, મજબૂત અને ધબકતું રાખો, આજે જ નિષ્ણાતની સલાહ લો!**

**NOVA CLINIC**

## Dr. Khengar Pandya

**(M.B.B.S.) DNB (F.Medicine)** જનરલ ફિઝીશીયન એન્ડ સર્જન

Rani Tower, First Floor, Shop No. 27, Opp. Crystal Mall, Kalawad Road, Rajkot-360005.

**Contact No. : 99099 97457 / 99099 97467**

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**